# એજિયન અક્ષર

**અંક - ૬**

**વર્ષ - ૨૦૧૭-'૧૮**




**ડો. સી.પી.પટેલ**
**પ્રિન્સીપાલ**

**સંપાદકો :**
**ડો. કે. એચ. યાદવ**
**એસો.પ્રોફેસર**
**ડો. આર. એમ. પટેલ**
**આસિ.પ્રોફેસર**

**A.G.Teachers College**
**College of Teacher Education - CTE**
Run By Ahmedabad Education Society
(Re-Accredited with "A" by NAAC)
M. N. Desai road, Navrangpura, Ahmedabad-09
Phone No. : 079-26442451
Email :agteachers1952@gmail.com
Website : www.agteacherscollege.ac.in

## કોલેજ શૈક્ષણિક સ્ટાફ



ડૉ. સી.પી. પટેલ
પ્રિન્સિપાલ

કોલેજમાં જોડાયા તારીખ
૦૧-૦૬-૨૦૦૨
સરનામું :
બી/૬, પુરોહિત પાર્ક, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર,
ફોન : ૦૨૬૯૨-૨૩૧૮૯૦
મો. ૯૪૨૮૪૯૧૫૧૭



ડૉ. આર. એમ. પટેલ
આસિ. પ્રોફેસર

કોલેજમાં જોડાયા તારીખ
૦૧-૦૮-૨૦૦૩
સરનામું :
ઈ-૩૦૪, નીલકંઠ પાર્ક, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન : ૦૭૯-૨૭૯૧૨૭૮૯
મો. ૯૪૨૮૧૨૧૨૯૧



ડૉ. કે. એચ. યાદવ
એસો. પ્રોફેસર

કોલેજમાં જોડાયા તારીખ
૩૦-૦૮-૧૯૯૭
સરનામું :
૮, મહાવીરનગર સોસાયટી, વસ્ત્રાપુર, અમદાવાદ-૦૯
મો. ૯૩૭૭૩૩૩૩૦૨



ડૉ. જી. એસ. પટેલ
આસિ. પ્રોફેસર

કોલેજમાં જોડાયા તારીખ
૦૨-૦૪-૨૦૧૨
સરનામું :
બ્લોક-૭૭/૫, "ચ" ટાઈપ, સેક્ટર-૨૮, ગાંધીનગર
મો. ૮૨૩૮૦૩૮૬૯૬



ડૉ. એસ.એલ. સોલંકી
એસો. પ્રોફેસર

કોલેજમાં જોડાયા તારીખ
૧૧-૦૯-૧૯૯૭
સરનામું :
બી/૧૫, ડુપ્લેક્ષ શુકન બંગ્લોઝ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧
મો. ૯૯૨૪૦૫૦૫૯૧

## કોલેજ વહીવટી સ્ટાફ



શ્રીમતી જી.આર. પરીખ
સિનિયર ક્લાર્ક

કોલેજમાં જોડાયા તારીખ
૨૩-૦૩-૧૯૯૬
સરનામું :
૧૩, ન્યુ પરમેશ્વર પાર્ક સોસાયટી, અસારવા, અમદાવાદ-૧૬
ફોન : ૦૭૯-૨૨૬૮૪૭૪૪
મો. ૯૪૨૬૪૩૩૨૮૩

## અન્ય મદદનીશ સ્ટાફ



શ્રીમતી સી.એચ. પટેલ
પટાવાળા

કોલેજમાં જોડાયા તારીખ
૦૭-૦૨-૧૯૯૨
સરનામું :
ઠાકોર વાસ, સ્ટેટ બેંકની પાસે, મેમનગર, અમદાવાદ-૫૨
મો. ૯૯૯૮૬૭૪૭૦૬ (પી.પી.)

# એજિયન અક્ષર

## અંક - ૫

## વર્ષ - ૨૦૧૬-૧૮

**ડૉ. સી. પી. પટેલ**
પ્રિન્સીપાલ

**સંપાદકો :**

**ડૉ. કે. એચ. યાદવ**
એસો. પ્રોફેસર

**ડૉ. આર. એમ. પટેલ**
આસિ. પ્રોફેસર

**એ. જી. ટીચર્સ કોલેજ**

**એમ.એન. દેસાઈ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૦૯**

**ફોન : ૦૭૯-૨૬૪૪૨૪૫૧**

E-mail : agteachers1952@gmail.com

Website : www.agteacherscollege.ac.in

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | સંપાદકીય | | ૧ |
| ૨. | આચાર્યના બે બોલ | | ૨ |
| ૩. | વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ | | ૩ |
| ૪. | EVENT LIST | | ૫ |
| ૫. | છેલ્લા પાંચ વર્ષનું પરિણામ | | ૭ |
| ૬. | ૨૦૧૬-'૧૮ના તાલીમાર્થીઓ | | ૮ |
| ૭. | ગુણવત્તા શિક્ષણના પંથે એ.જી. ટીચર્સ કૉલેજ, CTE | ડૉ. કે. એચ. યાદવ | ૧૩ |
| ૮. | જીવનસાફલ્યની ત્રણ આધારશીલાઓ | પ્રો. જે.પી.પટેલ | ૧૫ |
| ૯. | જોડણીવિચાર | ડૉ. પ્રફુલ્લ રાવલ | ૧૭ |
| ૧૦. | 'VASCSC'ની મુલાકાતો | સંકલન : નિશિતકુમાર જે. પંડ્યા | ૨૨ |
| ૧૧. | ગંગા નીકળે | રમેશ પારેખ | ૨૩ |
| ૧૨. | કોઈ સ્મિતે-સ્મિતે સળગે છે | સૈફ પાલનપુરી | ૨૩ |
| ૧૩. | 'નશો નાશનું મૂળ છે' | નિશિતકુમાર જે. પંડ્યા | ૨૩ |
| ૧૪. | શિક્ષકની ભૂમિકા એક કુંભાર તરીકે | સંકલન : શ્રીમાળી જૈમિની બી. | ૨૫ |
| ૧૫. | સામાજિક વિજ્ઞાનમંડળ | ડૉ. જ્યોતિબહેન એસ. અમરેલિયા | ૨૬ |
| ૧૬. | સ્પર્ધાત્મત પરીક્ષાની તૈયારી કેવી રીતે કરશો? | પાડલિયા મૌલિકકુમાર કીર્તિભાઈ | ૨૯ |



# :: સંપાદકીય ::



## શિક્ષક ધર્મ

ચાણક્યે સાચુક જ કહ્યું છે કે 'शिक्षक कभी साधारण नहीं होता प्रलय और निर्माण उनकी गोदमें पलते है।' આજ બતાવી આપે છે કે શિક્ષકમાં કેટલી તાકાત અને બુદ્ધિ હશે.જો કે શિક્ષક એટલે બુદ્ધિમાન તેમાં નબળો શિક્ષક હોય જ નહીં,જો નબળો હોય તો પ્રલય અને નિર્માણની ક્યાંથી અપેક્ષા રાખવી?અહીં પ્રલયનો મતલબ એવો થાય છે કે જ્યાં શિક્ષણ ખાડે ગયું છે.(સરકાર,વાલી સંસ્થા કે શિક્ષક જવાબદાર હોઈ શકે.)તેને પ્રલયરૂપે ત્રાડકી હિંમતભેર નવસર્જનના પાયા ઉપર સમાજ અને શિક્ષણનું નિર્માણ કરવું.

ભારતમાં શિક્ષક દિવસની ઉજવણીની શરૂઆત ૧૯૬૨ પછી કરવામાં આવી. ભારતના લોકલાડીલા,જેમના જન્મ દિવસ ઉપર '૫ મી સપ્ટેમ્બર' શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે એવા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન જેવા મહાન શિક્ષણવિદે શિક્ષણ જગતમાં બહુ મોટું યોગદાન આપેલ છે. ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન રાષ્ટ્રપતિ હોવા ઉપરાંત એક ઉત્તમ શિક્ષક હતા. વિદ્યાર્થીને સર્વોચ્ચ શિખર સુધી પહોચારનાર,ક્ષમાની ભાવના રાખનાર અને નિર્બળતાને દુર કરનાર એ બીજું કોઈ નહિ પણ એક શિક્ષક જ કરી શકે.

શિક્ષક દિવસની ઉજવણી એ વૈશ્વિક છે,અન્ય દેશોમાં જેવાકે ચીનમાં ૧૦ સપ્ટેમ્બરે,તુર્કીમાં ૨૪ નવેમ્બરે,આર્જેન્ટીનામાં ૧૧ સપ્ટેમ્બરે વગેરે દેશોમાં જ્યારે ૫ મી ઓક્ટોમ્બરે વિશ્વ શિક્ષણ દિન તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વમાં કોઈ વ્યક્તિએ સફળતા પ્રાપ્ત કરી હશે તે ક્યાંક ને ક્યાંક વિદ્યાર્થીકાળ દરમિયાન શિક્ષક તરફથી મળેલું જ્ઞાન શ્રેષ્ઠ સાબિત થયું હશે. શિક્ષક દિન મનાવીએ એ પુરા સમાજ માટે ગૌરવ સમાન છે. સમાજમાં શિક્ષક વગર કોઈપણ વ્યક્તિ ડૉક્ટર,વકીલ,એન્જીનીયર,પાયલોટ કે ઉત્તમ સમાજ સેવક બની શકતો નથી.શિક્ષક દિવસની ઉજવણી એ કર્મકાંડ નથી પણ વિદ્યાર્થીઓ અને વાલીઓ શિક્ષકના સ્થાનને સમજી શકે તેના માટે છે.સાચું જ્ઞાન શિક્ષક જ આપી શકે. તો ચાલો આજેજ આપણે સૌ પ્રતિજ્ઞા લઈએ કે હું શિક્ષક તરીકે મારા ધર્મ અને કર્મને જ વળગી રહીશ,જે દિવસે શિક્ષણને કે વિદ્યાર્થીઓને મારાથી અન્યાય થતો દેખાશે.તેજ દિવસથી હું શિક્ષક તરીકે રાજીનામું મૂકી ઘરભેગો થઇ જઈશ.

- ડૉ. કે. એચ. યાદવ
- ડૉ. આર. એમ. પટેલ



# એજિયન અક્ષર

અમદાવાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત અચરતલાલ ગીરધરદાસ ટીચર્સ કૉલેજ ૬૬ વર્ષની ઉંમર ધરાવતી નામાંકિત બી.એડ્. કૉલેજ છે. આ કૉલેજ ગ્રાન્ટ ઇન એઇડ કૉલેજ છે. સો ટકા પગાર ગ્રાન્ટ સાથે અન્ય પ્રકારની ગ્રાન્ટ મામૂલી મળે છે. વિદ્યાર્થીઓ ઘણી ઓછી ફીમાં અભ્યાસ કરે છે. સ્ટાફની અછતની મર્યાદાઓ સાથે AESની બધા જ પ્રકારની મદદને કારણે કૉલેજ યુનિવર્સિટીએ નક્કી કરેલા અભ્યાસક્રમની સાથે-સાથે શિક્ષણના વિકાસ થકી અન્ય પ્રકારની શિક્ષક-પ્રશિક્ષણની ગુણાત્મક પ્રવૃત્તિઓ કરે છે, જેની ઝાંખી આ એજિયન અક્ષર દ્વારા પ્રકાશિત કરવાનો અમારો આ સંનિષ્ઠ પ્રયાસ છે. મૅગેઝિન તૈયાર કરવા બદલ સંપાદકો અને કૉલેજના સર્વ સ્ટાફ મિત્રોને હું ધન્યવાદ પાઠવું છું.

**ડૉ. સી. પી. પટેલ**
(આચાર્ય)

# STUDENT UNION : 2016-18

| | | | |
|---|---|---|---|
| **Chairman** | **: Dr. C.P.Patel** | **G.S.** | **: Pal Rekha R.** |
| **Vice Chairman** | **: Dr.R.M.Patel**<br>**Dr.S.L.Solanki** | **L.R.** | **: Solanki Jhalak R.** |

| S.No. | Task | Prof.Incharge | Student Union Member | |
|---|---|---|---|---|
| 1 | Assembly | Dr.R.M.Patel | (75) Dave Khushbu D. | (78) Pandya Nishit J. |
| 2 | Birthday Wishes | Dr.S.L.Solanki | (89) Khurana Sarabieet K. | (90) Nayi Neha V. |
| 3 | Bulletin Board | Dr.S.L.Solanki | (78) Pandya Nishit J. | (84) Shah Priya P. |
| 4 | Cultural Committee | Dr.S.L.Solanki | (62) Parmar Anand T. | (82) Pancholi Piyusha |
| 5 | CWDC | DR.K.H.Yadav | (92) Pal Rekha R. | (86) Solanki Jalak R. |
| 6 | Education Visit | Dr.S.L.Solanki<br>Dr.G.S.Patel | (57) Asari Dinesh N. | (78) Pandya Nishit J. |
| 7 | Press Note | Dr.S.L.Solanki | (53) Mohaniya Ranjit C. | (79) Visavi Hemali S. |
| 8 | Alumni | DR.R.M.Patel<br>Dr.G.S.Patel | (53) Mohaniya Ranjit C.<br>(93) Parmar Kinjal R. | 91) Padaliya Maulik K. |
| 9 | Minutes In charge | Dr.G.S.Patel | (86) Solanki Jalak R. | (75) Dave Khushbu D. |

## Distribution as per Dharas

| S.No. | Task | Prof.Incharge | Student Union Member | |
|---|---|---|---|---|
| 1 | Gyandhara | Dr.G.S.Patel | (92) Pal Rekha R. | |
| 2 | Sarjanatmak | Dr.G.S.Patel | (82) Pancholi Piyusha | (53) Mohaniya Ranjit C. |
| 3 | Rang-Kala-Kaushalya | Dr.K.H.Yadav | (86) Solanki Jalak R. | (69) Prajapati Manjari R. |
| 4 | Natya | Dr.K.H.Yadav | (62) Parmar Anand T.<br>(83) Shah Pooja K. | (82) Pancholi Piyusha |
| 5 | Geet<br>Sangeet<br>Nritya | Dr.S.L.Solanki | (81) Mesvaniya Anuradha N.<br>(87) Valand Foram P.<br>(82) Pancholi Piyusha | (79) Visavi Hemali S.<br>(62) Parmar Anand T. |
| 6 | Yoga<br>Sport | Dr.S.L.Solanki<br>Dr.R.M.Patel | (91) Padaliya Maulik K. | (86) Solanki Jalak R. |
| 7 | Samajik Dhara | Dr.R.M.Patel | (91) Padaliya Maulik K. | (57) Asari Dinesh N. |

## List of Programme 2016-18

| Sr. No. | Date | Activity | Conference/ Workshop/ Seminar/ Special Events/ Research Project |
|---|---|---|---|
| 1 | 21/06/2017 | International Day of Yoga | Special Events |
| 2 | 01/07/2017 | આચાર્યની દૃષ્ટિએ શાળામાં શિક્ષકની પસંદગી | Special Events |
| 3 | 01/07/2017 | સાંસ્કૃતિક કાર્યક્રમ | Special Events |
| 4 | 03/07/2017 | મ્યુ. કોર્પોરેશન સંચાલિત શાળાઓની કાર્યપ્રણાલી | Seminar |
| 5 | 04/07/2017 | Multidimentional Role of a Teacher | Seminar |
| 6 | 08/07/2017 | Challenges against school | Seminar |
| 7 | 10/07/2017 | કૃષ્ણમ વંદે જગતગુરુમ | Special Events |
| 8 | 02/08/2017 | રક્ષાબંધન કાર્યક્રમની ઉજવણી | Special Events |
| 9 | 09/08/2017 | નયાભારત કા સંકલ્પ કાર્યક્રમ | Special Events |
| 10 | 12/08/2017 | Shatayu (Organ Donation) | Seminar |
| 11 | 14/08/2017 | રંગકલા કૌશલ્ય | Workshop |
| 12 | 14/08/2017 | Independence Day Celebration | Special Events |
| 13 | 23/08/2017 | સુરક્ષા જાગૃતિનો કાર્યક્રમ | Seminar |
| 14 | 29/08/2017 | Teacher 2020 | Seminar |
| 15 | 4-9-2017 to 11-9-2017 | ભાષા સજ્જતા કાર્યક્રમ | Workshop |
| 16 | 28-09-2017 to 06-10-2017 | ભાષા સજ્જતા કાર્યક્રમ | Workshop |
| 17 | 05/09/2017 | શિક્ષક દિનની ઉજવણી | Special Events |
| 18 | 25/09/2017 | Navtratri Celebration | Special Events |
| 19 | 07/10/2017 | નશાબંધી | Special Events |
| 20 | 23/11/2017 | 69 -ગુજરાત યુનિવર્સિટી દિનનિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ | Special Events |
| 21 | 09/12/2017 | હસ્તકલા | Workshop |
| 22 | 08/01/2018 | Waste Management (ORBIN) | Workshop |
| 23 | 12/01/2018 | Best Practices in Teaching - Learning and Evaluation | Conference |
| 24 | 23/01/2018 | Drama Workshop | Workshop |
| 25 | 24/01/2018 | Comprehensive Teacher Development (Surendranagar) | Seminar |
| 26 | 25/01/2018 | રાષ્ટ્રીય મતદાતા દિવસ | Special Events |
| 27 | 02/02/2018 | Workshop on Importance of Storytelling in education | Workshop |
| 28 | 05/02/2018 | SEBI | Special Events |
| 29 | 06/02/2018 | Technology enabled Teaching Performing | Seminar |
| 30 | 08/02/2018 to 20/02/2018 | Teaching through drama | Workshop |
| 31 | 19/02/2018 | Girls Awareness Program | Workshop |
| 32 | 22/02/2018 | માતૃભાષા દિનની ઉજવણી | Special Events |
| 33 | 23/02/2018 | School Environment (CTE Program) | Seminar |
| 34 | Mar-18 | Study of Reading, Compression ability in English subject of Std. 9th Student of Ahmedabad city | Research Project |



## વીતેલાં વર્ષોની યાદ...

| વિગત | ૨૦૧૧-૧૨ |
|---|---|
| ડિસ્ટી. | ૭૬ |
| ફર્સ્ટક્લાસ | ૧૦ |
| સેકન્ડક્લાસ | – |
| પાસક્લાસ | – |
| કુલ | ૮૬ |
| ટકા | ૧૦૦% |
| યુનિ. ટકા | ૯૮.૬૨% |

| વિષયો | ૨૦૧૩-૧ |
|---|---|
| ગુજરાતી | ૨૮ |
| સા. વિજ્ઞાન | ૪૨ |
| અંગ્રેજી | ૧૬ |
| ગણિત | ૨૪ |
| વિજ્ઞાન | ૨૪ |
| એકાઉન્ટ | ૨૩ |
| વા. વ્યવસ્થા | ૨૩ |

| વિગત | ૨૦૧૩-૧૪ | | |
|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | કુલ |
| એસ.સી. | ૦૬ | ૦૭ | ૧૩ |
| એસ.ટી. | ૦૫ | ૦૭ | ૧૨ |
| બક્ષીપંચ | ૧૩ | ૧૩ | ૨૬ |
| સામાન્ય | ૦૫ | ૩૪ | ૩૯ |
| કુલ | ૨૬ | ૬૪ | ૯૦ |

નોંધ:વર્ષ-૨૦૧૫થી બી.એડ. ૨

## વીતેલાં વર્ષોની યાદ...

### છેલ્લાં પાંચ વર્ષનું પરિણામ

| વિગત | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|---|
| ડિસ્ટી. | ૭૬ | ૭૧ | ૬૨ | ૫૮ | ૩૦ |
| ફર્સ્ટક્લાસ | ૧૦ | ૨૨ | ૨૫ | ૩૪ | ૧૨ |
| સેકન્ડક્લાસ | – | ૦૧ | ૦૩ | ૦૪ | ૦૧ |
| પાસક્લાસ | – | – | – | – | – |
| કુલ | ૮૬ | ૯૪ | ૯૦ | ૯૬ | ૪૩ |
| ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |
| યુનિ. ટકા | ૯૮.૬૨% | ૯૨.૫૬% | ૮૭% | ૮૫.૫૮% | ૮૩.૧૩% |

### છેલ્લાં પાંચ વર્ષની વિષય પ્રમાણે સંખ્યા

| વિષયો | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ |
|---|---|---|---|---|---|
| ગુજરાતી | ૨૮ | ૧૩ | ૦૬ | ૦૫ | ૧૬ |
| સા. વિજ્ઞાન | ૪૨ | ૧૪ | ૦૭ | ૧૦ | ૨૪ |
| અંગ્રેજી | ૧૬ | ૧૫ | ૦૪ | ૦૪ | ૮ |
| ગણિત | ૨૪ | ૦૯ | ૦૬ | ૦૭ | ૧૨ |
| વિજ્ઞાન | ૨૪ | ૧૭ | ૦૮ | ૦૮ | ૧૨ |
| એકાઉન્ટ | ૨૩ | ૧૪ | ૦૬ | ૧૧ | ૯ |
| વા. વ્યવસ્થા | ૨૩ | ૧૪ | ૦૬ | ૦૦ | ૯ |

### છેલ્લાં પાંચ વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યા

| વિગત | ૨૦૧૩-૧૪ | | | ૨૦૧૪-૧૫ | | | ૨૦૧૫-૧૬ | | | ૨૦૧૬-૧૭ | | | ૨૦૧૭-૧૮ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ |
| એસ.સી. | ૦૬ | ૦૭ | ૧૩ | ૧ | ૧૦ | ૧૧ | ૦૩ | ૦૪ | ૦૭ | ૦૧ | ૦૪ | ૦૫ | ૦૧ | ૦૫ | ૦૬ |
| એસ.ટી. | ૦૫ | ૦૭ | ૧૨ | ૫ | ૯ | ૧૪ | ૦૧ | ૦૫ | ૦૬ | ૦૨ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૩ |
| બક્ષીપંચ | ૧૩ | ૧૩ | ૨૬ | ૯ | ૨૧ | ૩૦ | ૦૨ | ૦૯ | ૧૧ | ૦૨ | ૧૩ | ૧૫ | ૦૪ | ૧૫ | ૧૯ |
| સામાન્ય | ૦૫ | ૩૪ | ૩૯ | ૩ | ૩૮ | ૪૧ | ૦૦ | ૧૯ | ૧૯ | ૦૨ | ૨૦ | ૨૨ | ૦૨ | ૧૫ | ૧૭ |
| કુલ | ૨૬ | ૬૪ | ૯૦ | ૧૮ | ૭૮ | ૯૬ | ૦૬ | ૩૭ | ૪૩ | ૦૭ | ૩૮ | ૪૫ | ૦૭ | ૩૮ | ૪૫ |

**નોંધ :** વર્ષ – ૨૦૧૫થી બી.એડ્. અભ્યાસક્રમ બે વર્ષનો થયો અને વિદ્યાર્થીસંખ્યા એક વર્ગની ૫૦ની કરી. (NCTEના નોમ્સ પ્રમાણે)

**Roll No. 51**
**Chhaya Shivani Mukeshbhai**
Chandkheda, Ahmedabad



M. 919726810975
Medium : Guj
Guj / S.S.

**Roll No. 52**
**Mithapara Jyotiben Natvarlal**
Ta. Dhandhuka,
Dist. Ahmedabad



M. 919558175050
Medium : Guj
Guj / S.S.

**Roll No. 53**
**Mohaniya Ranjitbhai Chanabhai**
Ta. Garbada,
Dist. Dahoda, Gujarat.



M. 9712813058
Medium : Guj
Guj / S.S.

**Roll No. 54**
**Prajapati Bindalben Rameshbhai**
Prajapati Vas, Bareja.



M. 9601418170
Medium : Guj
Guj / S.S.

**Roll No. 55**
**Patel Chiragkumar Kanubhai**
Po. Ribdi, Ta. Mandal,
Dist. Ahmedabad

Left

M. 9727384823
Medium : Guj
Guj / S.S.

**Roll No. 56**
**Solanki Jyotiben Tarunbhai**
Ranip, Ahmedabad



M. 8238677220
Medium : Guj
Guj / S.S.

**Roll No. 57**
**Asari Dineshbhai Nanjibhai**
Ta. Meghraj,
Dist. Aravalli (Modasa)



M. 9426075659
Medium : Guj
Guj / S.S.

**Roll No. 58**
**Adalia Radhika Vishnubhai**
Ta. Vadhvan,
Dist. Surendranagar



M. 8154971521
Medium : Guj
Guj / S.S.

**Roll No. 59**
**Chavda Manishaben Kalyanbhai**



Ta. Barawala,
Dist. Botad.

M. 9574735018
Medium : Guj
Guj / S.S.

**Roll No. 60**
**Kalal Varshakumari Rajubhai**



Kubernagar, Ahmedabad

M. 7623045334
Medium : Guj
Guj / S.S.


**Roll No. 61**
**Limbachiya Seema Anilkumar**



Isanpur, Ahmedabad

M. 9157046121
Medium : Guj
Guj / S.S.

**Roll No. 62**
**Parmar Anandkumar Tribhovanbhai**



Ta. Bechraji,
Dist. Mehsana

M. 9825812264
Medium : Guj
Guj / S.S.


**Roll No. 63**
**Rami Hemaxiben Poonamchand**



Saijpurbogha, Ahmedabad.

M. 9712882639
Medium : Guj
Guj / S.S.

**Roll No. 64**
**Rathod Kailashbahen Revaji**



Mansa, Gandhinagar

M. 8140901635
Medium : Guj
Guj / S.S.


**Roll No. 65**
**Rathva Surekhaben Ratanshinh**



Po. Chelavada,
Dist. Panchamahal

M. 9638089146
Medium : Guj
Guj / S.S.

**Roll No. 66**
**Vanodara Kalpeshbhai Prahladbhai**



Po. Budasan, Ta. Kadi,
Mehesana

M. 9979491269
Medium : Guj
Guj / S.S.

**Roll No. 67**
**Chauhan Sonam Pratapsingh**
Vastral Road, Ahmedabad.



M. 8980171930
Medium : Eng.
Eng. / S.S.

**Roll No. 68**
**Meghwal Pavani Sunilbhai**
Nava-Vadaj, Ahmedabad.



M. 9898723429
Medium : Guj
Eng. / S.S.

**Roll No. 69**
**Prajapati Manjari Ramlayak**
Girdharnagar, Shahibaugh



M. 9157505937
Medium : Eng.
Eng. / S.S.

**Roll No. 70**
**Sindhi Nandiniben Chularam**
Krishnanagar, Ahmedabad.

Left

M. 8140935670
Medium : Eng
Eng. / S.S.

**Roll No. 71**
**Sharma Sadhanakumari Kanhaiyalal**
Nava Naroda, Ahmedabad.



M. 8733001966
Medium : Guj
Eng. / S.S.

**Roll No. 72**
**Solanki Komalben Babubhai**
Krishanagar, New Naroda.



M. 9054593361
Medium : Guj
Eng. / S.S.

**Roll No. 73**
**Bhuva Vina Jayantibhai**
Nava Naroda, Ahmedabad



M. 9925353345
Medium : Guj
Maths / Science

**Roll No. 74**
**Dangodara Arvind Bachubhai**
Amraivadi, Ahmedabad



M. 7359823363
Medium : Guj
Maths / Science

**Roll No. 75**
**Dave Khushbu Dipakkumar**
Meghaninagar, Ahmedabad



M. 9409174642
Medium : Guj
Maths / Science

**Roll No. 76**
**Gohel Riddhi Mahendrabhai**
Odhav, Ahmedabad



M. 9727167711
Medium : Guj
Maths / Science

**Roll No. 77**
**Panchal Bhoomika Dineshbhai**
Vastral Road, Ahmedabad



M. 8866944140
Medium : Guj
Maths / Science

**Roll No. 78**
**Pandya Nishitkumar Jayeshbhai**
Narol, Ahmedabad



M. 9723377566
Medium : Guj
Maths / Science

**Roll No. 79**
**Visani Hemali Sureshbhai**
Nava Naroda, Ahmedabad



M. 9227221127
Medium : Guj
Maths / Science

**Roll No. 80**
**Ekta Prajapati**
Chandkheda, Ahmedabad



M. 8511545299
Medium : Eng.
Maths / Science

**Roll No. 81**
**Mesvaniya Anuradhaben Narasinhdas**
Naroda, Ahmedabad



M. 7202092656
Medium : Guj
Maths / Science

**Roll No. 82**
**Pancholi Piyusha Somdev**
Piplod.



M. 8758031116
Medium : Guj
Maths / Science

**Roll No. 83**
**Shah Poojaben Kamleshkumar**
Vasna, Ahmedabad.



M. 9173278858
Medium : Guj
Maths / Science

**Roll No. 84**
**Shah Priya Pravinchandra**
Navarangpura, Ahmedabad



M. 8488876869
Medium : Guj
Maths / Science

**Roll No. 85**
**Siddddiqui Zeba Mohd Naseem**
Chandkheda, Ahmedabad



M. 8487981519
Medium : Guj
Maths / Science

**Roll No. 86**
**Solanki Jhalak Ramjibhai**
Bhavnagar



M. 8866881546
Medium : Eng.
Maths / Science

**Roll No. 87**
**Valand Foramben Prahladbhai**
Nava Naroda, Ahmedabad



M. 7567136357
Medium : Guj
Maths / Science

**Roll No. 88**
**Zala Nikitaba Kishorsinh**
Nava Naroda, Ahmedabad



M. 8488066499
Medium : Guj
Maths / Science

**Roll No. 89**
**Khurana Sarabjitkaur Harvindersingh**
Chandkheda, Ahmedabad



M. 7383011600
Medium : Eng.
Account / Commerce

**Roll No. 90**
**Nayi Neha Vishnubhai**
Satallite, Ahmedabad



M. 9723600896
Medium : Guj
Account / Commerce

**Roll No. 91**
**Padaliya Maulikkumar Kirtibhai**



Ta. Talala (Gir),
Dist. Gr-Somnath

M. 8140914031
Medium : Guj
Account / Commerce

**Roll No. 92**
**Pal Rekha Ramavtar**



Vastral, Ahmedabad

M. 9927103901
Medium : Guj
Account / Commerce

**Roll No. 93**
**Parmar Kinjalben Rameshchandra**



Subhashbridge,
Ahmedabad

M. 8460008144
Medium : Guj
Account / Commerce

**Roll No. 94**
**Patel Bijal Hasmukhbhai**



Ta. Dehegam,
Dist. Gandhinagar

M. 9724689291
Medium : Guj
Account / Commerce

**Roll No. 95**
**Patel Jankiben Jayantilal**

Left

Ta. Mandal,
Dist. Ahmedabad

M. 8758909009
Medium : Guj
Account / Commerce

**Roll No. 96**
**Pathan Sohana Akbarkhan**



Shahalam, Ahmedabad

M. 9824778697
Medium : Guj
Account / Commerce

**Roll No. 97**
**Prajapati Aarti Sureshbhai**



Nava Naroda, Ahmedabad

M. 8140700275
Medium : Guj
Account / Commerce

**Roll No. 98**
**Quraishi Rahimunnisha Mukhtarahmed**



Mirzapur, Ahmedabad

M. 9723769049
Medium : Guj
Account / Commerce

**Roll No. 99**
**Sathavara Hinaben Pravinbhai**



Ta. Kalol
Dist. Gandhinagar

M. 9662646183
Medium : Guj
Account / Commerce

**Roll No. 100**
**Sharma Sadhana Rakeshkumar**



Vastral Road, Ahmedabad

M. 9925386818
Medium : Guj
Account / Commerce

# ગુણવત્તાશિક્ષણના પંથે એ.જી. ટીચર્સ કૉલેજ, CTE

*ડૉ. કે. એચ. યાદવ*
*એસો. પ્રોફેસર*

શિક્ષણ-પ્રશિક્ષણ ક્ષેત્રે વટવૃક્ષસમી એ. જી. ટીચર્સ કોલેજ, છેલ્લાં ૬૫ વર્ષથી સમાજને ઉત્તમ શિક્ષક આપવા કટીબદ્ધ છે. CTE દરજ્જો પ્રાપ્ત એ. જી. ટીચર્સ કોલેજ દ્વારા તાલીમાર્થીને સજ્જ કરવા પૂર્વકાલીન તાલીમ-કાર્યક્રમો તેમજ શાળાના આચાર્યો અને શિક્ષકો માટે સેવાકાલીન તાલીમ કાર્યક્રમો, શૈક્ષણિક સંશોધનો, અધ્યયન-અધ્યાપન સામગ્રીનો વિકાસ જેવાં ક્ષેત્રે ગુણવત્તાલક્ષી કાર્યો આયોજિત થાય છે. પરિવર્તનના વાયરા સમાજ-શિક્ષણ-વર્ગખંડને સ્પર્શે છે. શિક્ષણ જગતના પ્રવર્તમાન અને આધુનિક પ્રવાહોને ધ્યાનમાં રાખી વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન એ. જી. ટીચર્સ કોલેજ, સીટીઇ સેન્ટર વતી હાથ ધરાયેલ કાર્યક્રમોની ગતિવિધિ નીચે મુજબ છે.

**★ પૂર્વકાલીન કાર્યક્રમ : (Preservice Program)**

| તારીખ | વિષય | કો-ઑર્ડિનેટર | સહભાગી | સ્થળ |
|---|---|---|---|---|
| ૪-૯-૧૭થી ૫-૧૦-૧૭ | ભાષાસજ્જતા | ડૉ. આર.એમ.પટેલ | ૯૦ તાલીમાર્થીઓ | એ.જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ |
| ૨૩-૦૧-૧૮ | કાર્યશિબિર : શિક્ષણમાં નાટ્ય | ડૉ. કે. એચ. યાદવ | ૪૫ તાલીમાર્થીઓ | એ.જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ |
| ૨-૨-૧૮ | વાર્તાકથનનું શિક્ષણમાં મહત્ત્વ | ડૉ. કે. એચ. યાદવ | ૪૫ તાલીમાર્થીઓ | એ.જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ |

**★ સેવાકાલીન કાર્યક્રમો (Inservice Training Program)**

| તારીખ | વિષય | સહભાગી | જિલ્લો | સ્થળ | કો-ઑર્ડિનેટર |
|---|---|---|---|---|---|
| ૨૯-૦૮-૧૭ | Teacher 2020 | ૭૫ શાળા-શિક્ષકો | અમદાવાદ | એ.જી.ટીચર્સ કૉલેજ, અમદાવાદ | ડૉ. કે. એચ. યાદવ |
| ૨૪-૧-૧૮ | Comprehensive Development of Teacher | ૭૧ શાળા-શિક્ષકો | સુરેન્દ્રનગર | મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગર | શ્રી બળવંતભાઈ વ્યાસ |
| ૨૪-૧-૧૮ | Digital Facilities in Teaching-Learning Process | ૭૧ શાળા-શિક્ષકો | સુરેન્દ્રનગર | મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગર | શ્રી દીપકભાઈ |
| ૨૩-૨-૧૮ | School Environment | ૮૧ શાળા-આચાર્ય | અમદાવાદ | એ.જી.ટીચર્સ, કૉલેજ અમદાવાદ | શ્રી નીરવભાઈ ઠક્કર |

★ સંશોધનકાર્ય (Research Project)

| ક્રમ | વિષય | સંશોધક |
|---|---|---|
| ૧ | Study of Reading Comprehensive Ability in English subject of Std. IX students of Ahmedabad city | ડૉ. એસ.એલ. સોલંકી |
| ૨ | The Construction and Effectiveness of closure ability test for school Student | ડૉ. મહેશ રાવલ |
| ૩ | The Construction and Effectiveness of E-content for educational psychology | ડૉ. કેતન ગોહેલ |

- 'શિક્ષણમાં નાટ્ય' કાર્યશિબિરના પરિપાક રૂપે તૈયાર થયેલ સ્ક્રિપ્ટનું સંકલિત સ્વરૂપ 'અભિનય દ્વારા શિક્ષણ' પુસ્તિકા રૂપે તૈયાર કરવામાં આવ્યું અને પ્રકાશિત કર્યું.
- CTE કેન્દ્રના Preservice અને In-service શિક્ષકો માટે તૈયાર કરેલ 'એજિયન અક્ષર' અંક-૬ માટેની જરૂરી નાણાંકીય સહાય GCERT દ્વારા પૂરી પાડવામાં આવી.
- CTE સેન્ટર વતી આયોજિત કાર્યક્રમોમાં સહભાગી તમામ શાળાના આચાર્યો અને શિક્ષકોનો આભાર.

CTEના સેવાકાલીન કાર્યક્રમોના વિચારથી આચાર સુધીની સફરમાં હમરાહી બનેલ એ.જી. હાઈસ્કૂલ અને જી. એન્ડ ડી. પરીખ હાયર સેકન્ડરી શાળાના આચાર્ય ડૉ. નીરવભાઈ ઠક્કર અને સુરેન્દ્રનગર સ્થિત મૈત્રી વિદ્યાપીઠના આચાર્ય ડૉ. મહેશભાઈ રાવલ અને તમામ સ્ટાફમિત્રોનો ઋણસ્વીકાર. એ.જી. ટીચર્સ કોલેજના CTE સેન્ટર વતી, ગુણવત્તાલક્ષી કેડી પર અડગ કદમ માંડતાં સૌને સલામ.

# જીવનસાફલ્યની ત્રણ આધારશીલાઓ

ઘર, શાળા અને સમાજનો ત્રિવેણીસંગમ એટલે આદર્શ માનવજીવન. શિક્ષણ-કેળવણી એટલે શું ? ભણ્યો છે પરંતુ ગણ્યો નથી, શા માટે ? કાળા અક્ષર ભેંસ બરાબર એટલે શું ? સરસ્વતીદેવીને અને અમારા છગનલાલને આભ છેટ છે ! બુદ્ધિનું દેવાળું કાઢ્યું છે ? અરે, અમારા અમથાલાલના મોહનનો તો ઉપલો માળ સાવ ખાલી છે ! ભણતરનો ભાર વધી ગયો છે. સમાજમાં શિક્ષણ સાવ ખાડે ગયું છે. અંગ્રેજી માધ્યમે વિદ્યાર્થીઓની માતૃભાષા અને રાષ્ટ્રભાષાનો દાટ વાળી દીધો છે ! ના રહ્યા ઘરના કે ના રહ્યા ઘાટના ! આ શિક્ષણનું શું થવા બેઠું છે ? અત્યારના સામાજિક પરિવર્તનના યુગે ટેક્નોલોજીના યુગે વિદ્યાર્થી, શાળા અને સમાજ સામે અનેક સળગતા પ્રશ્નો ઊભા કર્યા છે. આવા પાયાના પ્રશ્નોના ઇલાજ માટે સરકાર શું કરે છે ? આજની ખિચડી સરકારને જ શિક્ષણની જરૂર છે ! આ તમામ પ્રશ્નોના યોગ્ય ઉત્તર ઘર, શાળા અને સમાજમાંથી યોગ્ય માર્ગે મેળવી શકાય છે.

**ઘર :** ઘર જીવનની વૃદ્ધિ અને વિકાસની પ્રયોગશાળા છે. ગર્ભાવસ્થાથી શરૂઆત થાય છે. 'મા', 'બા', ભાઈ-બહેનના શબ્દનો અર્થ પ્રેમ અને ભાવમાં પ્રકટ થાય છે. બાકી 'ડેડી' અને 'મોમ'માં હૃદયનો ભાવ ક્યાંથી આવે ?

– શિવાજીને જીજાબાઈએ હાલરડાથી શિક્ષણના સંસ્કારનું સીંચન કર્યું હતું.

**Mother is a true nurse, and Father is a true teacher.**

બાળક માટે ઘરમાં માતા પ્રેમભાવથી નિઃસ્વાર્થભાવથી નર્સ જેવી સેવા, શુશ્રૂષા કરી સંસ્કારનું સીંચન કરે છે, જ્યારે પિતા શિસ્ત, સંયમ અને કાર્યકુશળતાના પાઠ ભણાવે છે. જેના ઘરમાં એક બાળક હોય પછી ભલે દત્તક લીધેલ હોય તો ઘર મંદિર બની જાય છે. આમ પણ બાળકને ભગવાનનું સ્વરૂપ જ માનવામાં આવે છે. કારણ માત્ર બાળક જ સંસારની લોભામણી અપેક્ષાઓથી દૂર છે.

'ધર્મશાસ્ત્રો, સમાજશાસ્ત્રોમાં પણ કહેલ છે કે જ્યારે 'સ્ત્રી' એકાદ બાળકને જન્મ આપે છે, ત્યારે તે પૂર્ણ સ્ત્રી બને છે.' એક માનવમાંથી બીજા સર્વોત્તમ માનવનું સર્જન તો એક બ્રહ્મા સિવાય માત્ર સ્ત્રીશક્તિ જ કરી શકે. માટે જ કહેવાયું છે કે

'જન્મ આપે તો દાતા કે શૂર, નહીંતર રહેજે વાંઝણી મત ગુમાવીશ નૂર'

ગાંધીજીએ પણ તેમનાં નીતિનાશને માર્ગે નાનકડી પુસ્તિકામાં લખ્યું છે :

'If you do not make a good child,
you have no right to issue any child'

જો તમે એક ઉત્તમ સર્વાંગિક બાળક ના બનાવી શકો તો તમને કોઈ બાળક પેદા કરવાનો અધિકાર નથી. બાળકના ઘડતર માટે મા-બાપને કેટલું અર્થપૂર્ણ સૂચન છે. માનવીય વ્યવહારો માટેની 'ઘર' એક ઉત્તમ પ્રયોગશાળા છે એટલું જ નહીં ઘર પોતાના સ્વરૂપને ધ્યાનમાં રાખી આપણને જીવન સાફલ્યની સુંદર ચાવીઓ બતાવે છે, પરંતુ આપણું ચંચળ મન તેના ઉપદેશ પર પાણી ફેરવી દે છે. જુઓ ઘરના જ શબ્દો સાંભળો.

છાપરું – છત કહે છે હંમેશાં ઊંચું નિશાન તાકો, નીચું નિશાન માફ નથી.

પંખો : કહે છે દિમાગ ઠંડું રાખો. શાંત મન ઉત્તમ વિચારોની પ્રયોગશાળા છે.

ઘડિયાળ કહે છે. 'દરેક સેકન્ડ કીંમતી છે. જીવન સમયનું શ્વાસોચ્છ્વાસનું બનેલું છે.'

અરીસો કહે છે : તમારી જાતને ઓળખો, 'Know thou self'

બારી કહે છે : દુનિયામાં ડોકિયું કરો. કૂવામાંના દેડકા ના બનો. દુનિયાં જોવા જેવો છે.

કેલેન્ડર કહે છે : અપ ટુ ડેટ રહો. હંમેશાં નવો દિવસ સૂર્યની તાજગી સાથે આનંદથી શરૂ કરો.

દરવાજો કહે છે : દિલના દરવાજા ખુલ્લા રાખો. દિલદાર બનો. દિલનું મંદિર બનાવો. પરંતુ પથારી-સોફા કહે છે. આ બધું બકવાસ છે ! મસ્ત ચાદર ઓઢીને ઊંઘી જાઓને આ આળસ બોલે છે. આમેય આળસ જીવતા માણસની કબર છે. જો વિદ્યાર્થી-માનવ આળસનું કહ્યું કરે, તો જીવનમાં સફળતા ક્યાંથી મળે.

શાળા : સમાજમાં શાળા વિશે ચાલતી સંભાવનાઓ, સોનેરી સૂત્રો, તથ્યો, સત્યો વિદ્યાર્થીના ઘડતરમાં અને શિક્ષક માટે પ્રેરણારૂપ છે. જેવાં કે,

– શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાનગંગા જ્યાં વહે. કલમની તાકાત તલવારથી પણ તેજ છે.

– હિંમત વિદ્યાર્થી અને શિક્ષકનો સાચો મિત્ર છે. 'યુદ્ધો પ્રથમ માનવીના મનમાં ઘડાય છે.'

– વિદ્યાર્થીઅવસ્થા જિંદગીનો સોનેરી કાળ. ભારતનું ભાવિ શાળાના વર્ગખંડમાં ઘડાય છે.

– શિક્ષકનો પવિત્ર વ્યવસાય ભાગ્યશાળીને મળે. ખરાબ અક્ષરો અધૂરી કેળવણીની નિશાની છે. બુદ્ધિધન શ્રેષ્ઠ ધન, જેવા ભાગ પાડી શકાય નહીં. શાળા વિદ્યાર્થીના સર્વાંગિક વિકાસની પ્રયોગશાળા છે.

અત્યારે શિક્ષણપ્રથા ટેક્નોલૉજીના સંદર્ભમાં સ્વીકારવી જ પડશે. પહેલાંના જમાનામાં 'સોટી વાગે ચમચમ અને વિદ્યાર્થીને સજા કરવાની મનાઈ ફરમાવી છે. વિદ્યાર્થીનાં મા-બાપ પણ શિક્ષકને કોર્ટમાં ઘસડી જાય છે.'

શિક્ષક શબ્દમાં જ આદર્શ શિક્ષકની ગુણવત્તા સમાઈ જાય છે.

શિ : એટલે શિસ્ત, સંયમ, સંસ્કાર શિક્ષકમાં અને વિદ્યાર્થીઓમાં લાવવાનાં હોય છે.

ક્ષ : એટલે ક્ષમા. ક્ષમા વિરસ્ય ભૂષણમ્ વિદ્યાર્થીના અપકૃત્યને માની જેમ પ્રેમથી ક્ષમા આપવી.

ક : એટલે કલ્યાણ. વિદ્યાર્થી પ્રત્યે ટ્યૂશન ના રાખે તોપણ તેજોદ્વેષને બદલે કલ્યાણની ભાવના રાખે.

આમ, જે સંનિષ્ઠ શિક્ષક હશે અને તેમના વિષયમાં ભણાવવામાં હોંશિયાર હશે, ગમ્મત સાથે જ્ઞાન આપતો હશે, તો તે વિદ્યાર્થીઓમાં સાચા ગુરુ સમાયા હશે. વિદ્યાર્થીનો બુદ્ધિઆંક વધારશે.

સમાજ : સમાજનો પણ વિદ્યાર્થીઓના જીવનમાં મહત્ત્વનો ફાળો છે. મનુષ્ય સામાજિક પ્રાણી છે. 'Man is a social animal.' સમાજ સિવાય તે રહી શકે નહીં. બીજાં બધાં પ્રાણીઓ કરતાં માનવને પ્રભુએ વિશેષ ભેટ-વિવેકબુદ્ધિ આપી છે અને આ વિવેકબુદ્ધિને આધારે તો સમાજ પાસેથી શીખીને તે ઉત્તમ માનવી બની શકે છે. સમાજ પાસેથી માનવ (૧) વાણી-વર્તન-વ્યવહારની શીખ (૨) જ્ઞાનકર્મ અને ભક્તિના પાઠ (૩) આચાર-વિચાર અને વર્તણૂકના વિવેકના પ્રત્યક્ષ પાઠ શીખે છે. (૪) સામાજિક નીતિનિયમો, નૈતિક મૂલ્યો, ધાર્મિક મૂલ્યો તથા આર્થિક મૂલ્યો શીખે છે. (૫) સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબના લાભાલાભ જાણે છે. આમ તો સામાજિક જીવન + ધાર્મિક જીવન = માનવનું સંપૂર્ણ જીવન બને છે. માનવનો સંસાર એટલે સમજીને સરકી જવું એનું નામ સંસાર, જાણીને જીવવું એનું નામ જીવન અને મૂકીને મુક્ત થઈ જવું એનું નામ મોક્ષ.

માનવ-વિદ્યાર્થીએ સમાજ પાસેથી ઘણું શીખવાનું છે અને ઘણું આપવાનું છે. આ બધું માનવીની પોતાની વિચાર-શક્તિ પર આધાર રાખે છે. ગાંધીજીએ પણ કહ્યું છે, 'માનવી-મનુષ્ય પોતાના વિચારોની ઊપજ માત્ર છે. તે જેવું વિચારે છે, તેવો જ તે બને છે.' આમ, ઘર-શાળા અને સમાજ છેવટે તો મનુષ્યના વિકાસના ત્રણ મજબૂત પાયા છે.

– પ્રો. જે.પી.પટેલ
નિવૃત્ત પ્રાધ્યાપક
૧, કમલકુંજ સોસાયટી, શાહીબાગ અંડરબ્રિજ પાસે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન (ઘર) ૨૨૮૬૫૯૧૧ (મો) ૯૮૯૮૦૭૬૯૧૧

# જોડણીવિચાર

**– ડૉ. પ્રફુલ્લ રાવલ**

મનુષ્યે ભાવવિચારની અભિવ્યક્તિ અર્થે લેખનનો આરંભ કર્યો તે સાથે લેખિત જોડણી અસ્તિત્વમાં આવી. લખનાર મહદંશે જેવું બોલે તેવું લખતો. એટલે કે ઉચ્ચાર મુજબ થતું. અલબત્ત, એમાં અપવાદો હતા. વળી, પ્રદેશવિશેષની વિશિષ્ટ ઉચ્ચારલઢણો સામેલ થતાં એ પ્રમાણે લખાતું. લખનાર એની સમજ મુજબ શબ્દોની જોડણી કરતો. એક વ્યક્તિ કરતાં બીજી વ્યક્તિના લખાણમાં ભિન્નતા રહેતી. એટલે કે જોડણી સંદર્ભે લખાણમાં એકવાક્યતા નહોતી. અને ન હોય એ પણ એટલું જ સ્વાભાવિક છે. લખનાર મુજબ એકના એક શબ્દની જુદી-જુદી જોડણી જોવા મળતી. કદાચ જોડણી વિશે સભાનતા પણ નહોતી. ગંગાધર શાસ્ત્રી ફડકે રચિત ગુજરાતી વ્યાકરણનું શીર્ષક 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' એમ હતું. એમાં ષષ્ઠી વિભક્તિનો પ્રત્યય 'નું' હ્રસ્વના સ્થાને 'નૂ' દીર્ઘ લખાયેલ છે અને 'અનુસ્વાર' તો લખાયો જ નથી. તે જ રીતે 'આવૃત્તિ'ને બદલે 'આવૃત્તી' એવી જોડણી છે. એટલે કે ઓગણીસમી સદીમાં જોડણી અંગે કોઈ ચોક્કસતા કે એકવાક્યતા નહોતી. વીસમી સદીના આરંભે જોડણી વિશે ચર્ચાઓ થવા માંડી. થોડો ઊહાપોહ પણ થયો. એમાંય મતભેદ હતા. નરસિંહરાવે 'વસન્ત' સામયિકમાં 'ગુજરાતી જોડણી' વિષે લેખ લખ્યો અને એ સંદર્ભે નંદનાથ કેદારનાથ દીક્ષિતે પ્રતિભાવ રૂપે એમનાં મંતવ્યો રજૂ કર્યાં. જેમાં ગુજરાતી જોડણીની વિચારણા થઈ છે. નરસિંહરાવ જોડણી ઉચ્ચાર-વ્યુત્પત્તિ અનુસાર થવી જોઈએ એ મતના હતા.

ક્યારેક નામની જોડણીમાં સાચી જોડણીના સ્થાને વ્યક્તિ પોતે પોતાના નામની જોડણી જે જોડણી કરે એ જ રૂઢ થાય છે. નિયમ મુજબ એ શુદ્ધ ન હોવા છતાં એ જ સાચી મનાય છે. એને જ સાચી ગણવામાં આવે છે. જેમકે, આપણા નાટ્યકાર-ટૂંકીવાર્તાકાર એમનું નામ 'જયંતિ દલાલ' એમ લખતા. અહીં 'જયંતિ' એ સાચી જોડણી નથી પણ એ રૂઢ થઈ છે. વાસ્તવમાં 'જયંતી' હોવું જોઈએ. ક્યારેક અનુનાસિકના સ્થાને અનુસ્વાર પ્રયોજાય છે. જોડણીમાં બંને માન્ય છે. 'અંત' લખો કે 'અન્ત', 'બિંબ' લખો કે બિમ્બ 'ખંડ' લખો કે 'ખણ્ડ' અને 'બંધન' લખો કે 'બન્ધન.'

જોડણી એટલે બે અક્ષર (વર્ણ)નું યોગ્ય ક્રમમાં જોડાણ થઈ બનતો શબ્દ, જે મોટે ભાગે અર્થપૂર્ણ હોય, જેમાંથી એક અથવા વધુ અર્થો નિષ્પન્ન થતા હોય.

જોડણી ભાષાશુદ્ધિનું ખૂબ મહત્ત્વનું અંગ છે. શબ્દની જોડણીમાં જરા સરખી ભૂલ થાય, તો એ શબ્દનો અર્થ બદલાઈ જાય છે. જેમકે; 'દિન' શબ્દનો અર્થ 'દિવસ' થાય છે, પરંતુ 'દિ' હ્રસ્વના બદલે 'દી' દીર્ઘ લખો, તો 'દીન' અર્થાત્ 'ગરીબ' એવો અર્થ થાય છે. 'ચિંતા'ને બદલે 'ચિતા' લખતા અર્થમાં ફેરફાર થાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| કુખ-દર્ભ | કૂખ-ખોળો | કિલ-ખરેખર | કીલ-ખૂંટો | |
| પુર-શહેર | પૂર-સંપૂર્ણ | સુર-દેવ | સૂર-અવાજ | શૂર, બહાદુર |
| ચિર-લાંબું | ચીર-વસ્ત્ર | ગુણ-જાતિસ્વભાવ | ગૂણ-થેલો, કોથળો | |

ભાષા શુદ્ધ લખાય એ માટે જોડણીનું જ્ઞાન જરૂરી છે. અહીં જોડણીના થોડા નિયમો દર્શાવ્યો છે.

૧. **સ્ત્રીલિંગી** શબ્દોની અન્ત્ય 'ઇ' થોડાક અપવાદ સિવાય ઘણું ખરું દીર્ઘ થાય છે. જેમકે,

| | | | | |
|---|---|---|---|---|
| | નદી | સાડી | ઘાણી | સખી |
| | નારી | ગોરી | ધાણી | શચી |
| | જાડી | ગાડી | છબી | પરી |
| | પાડી | પાની | પાર્વતી | વસ્તી |
| | શ્રેણી | શૈલી | પત્ની | |
| **અપવાદ** | મતિ | સંધિ | પંક્તિ | |
| | ગતિ | રતિ | શક્તિ | |

૨. નામને અંતે 'ઉ' હ્રસ્વ હોય છે. જેમકે,

| | | | |
|---|---|---|---|
| મધુ | વિષ્ણુ | ભાનુ | મનુ |
| વિભુ | પ્રભુ | શંભુ | કનુ |

૩. પુંલ્લિંગ શબ્દોની અન્ત્ય 'ઇ' હ્રસ્વ હોય છે

| | | | | |
|---|---|---|---|---|
| | રવિ | જતિ | દધિ | શ્રીપતિ |
| | કવિ | યતિ | શનિ | સારથિ |
| | મુનિ | પતિ | વ્યાધિ | શકુનિ |
| અપવાદ | પગી | પારધી | | |

૪. **ભાવવાચક** નામોની અન્ત્ય 'ઇ' હ્રસ્વ છે અને પૂર્વ ઈ-દીર્ઘ છે. જેમકે,

| | | | |
|---|---|---|---|
| કીર્તિ | મૂર્તિ | પ્રીતિ | પૂર્તિ |
| રીતિ | ગીતિ | ઊર્મિ | સ્ફૂર્તિ |

૫. **સંસ્કૃત** નામોને તદ્ધિત પ્રત્યય 'ઇક' લાગીને **વિશેષણ** બને છે, ત્યારે આદ્યસ્વરની વૃદ્ધિ છે. જેમકે,

| | | |
|---|---|---|
| અર્થ-આર્થિક | ધર્મ-ધાર્મિક | સમાજ-સામાજિક |
| વર્ષ-વાર્ષિક | સ્વભાવ-સ્વાભાવિક | અધ્યાત્મ-આધ્યાત્મિક |
| મંગલ-માંગલિક | યંત્ર-યાંત્રિક | શરીર-શારીરિક |
| દંભ-દાંભિક | અલંકાર-આલંકારિક | મર્મ-માર્મિક |

૬. નામને 'ઇક' લાગીને **વિશેષણ** બને છે.

શ્રમ-શ્રમિક ધન-ધનિક

૭. 'ઈન' પ્રત્યયમાં 'ઈ' દીર્ઘ છે.

| | | | |
|---|---|---|---|
| પ્રાચીન | શાલીન | અર્વાચીન | કુલીન |

૮. ચાર અક્ષરના શબ્દનો ત્રીજો 'ઊ' દીર્ઘ થાય છે.

| | | | |
|---|---|---|---|
| મજબૂત | મજકૂર | મહેસૂલ | બાથરૂમ |
| બેવકૂફ | મરહૂમ | મનસૂબો | |
| કરતૂત | મશગૂલ | મગદૂર | |

૯ ચાર અક્ષરના શબ્દમાં અન્ત્ય બે ઇ હોય, તો અનુક્રમે ત્રીજી ઇ હ્રસ્વ અને ચોથી અંતિમ 'ઈ' દીર્ઘ થાય છે. જેમકે,

| | | | | |
|---|---|---|---|---|
| વિદ્યાર્થિની | શૈવલિની | વિહંગિની | મંદાકિની | સૌદામિની |

૧૦. 'એ' અને 'ઓ'ના પહોળા ઉચ્ચાર દર્શાવવામાં 'ઍ' અને 'ઑ' એમ વિવૃત્ત લખવા. મોટે ભાગે વિવૃત્ત એ-ઓ અંગ્રેજી શબ્દોની ગુજરાતી જોડણીમાં વપરાય છે. જેમકે,

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઍપલ | ઍપોલો | ઑડ | ઑરેન્જ | કૅન્ડલ | કૉફી |
| કૉમા | ગૉડ | ચૅર | ચૅનલ | ચૉક | ચૉકલેટ |
| જૉબ | ઝૅરોક્ષ | ટૅક્સ | ટૅરેસ | ડૉન | થૅન્ક્સ |
| નેવી | પૅરન્ટ | પૉટ | પ્રૉમિસ | ફૅમિલી | બૅચલર |
| મૅસેજ | લૅમન | વૅક્યૂમ | શૅમ્પૂ | સૅલ્ફ | સૉફ્ટ |

૧૧. સંસ્કૃતમાં શબ્દોને કૃ તથા ભૂ ધાતુનાં રૂપ લાગવાથી ચ્વિ-રૂપો બને છે, ત્યારે તે શબ્દોને દીર્ઘ 'ઈ' લાગે છે, જેમકે,

| | | | | |
|---|---|---|---|---|
| સ્વીકાર્ય | દઢીભૂત | આવકાર્ય | એકીકરણ | આધારભૂત |

૧૨. અલ્પપ્રાણ અને મહાપ્રાણ સંયુક્ત હોય એવા તદ્‌ભવ શબ્દોમાં મહાપ્રાણનું દ્વિત્વ કરવું.

| | | |
|---|---|---|
| ચોખ્ખું | ભિખ્ખુ | પથ્થર |
| ચિઠ્ઠી | ખુલ્લું | ઝભ્ભો |

| | |
|---|---|
| અલ્પપ્રાણ | મહાપ્રાણ |
| ક્ ગ્ ઙ્ | ખ્ ઘ્ |
| ચ્ જ્ ઞ્ | છ્ ઝ્ |
| ટ્ ડ્ ણ્ | ઠ્ ઢ્ |
| ત્ દ્ ન્ | થ્ ધ્ |
| પ્ બ્ મ્ | ફ્ ભ્ |
| ય્ ર્ લ્ વ્ | શ્ ષ્ સ્ હ્ |

'ચ્' અને 'છ્'નો યોગ હોય, તો 'ચ્છ' લખવું. જેમકે,

અચ્છેર પચ્છમ અચ્છું ગચ્છ મચ્છર

૧૩. તદ્‌ભવ શબ્દોમાં અંત્ય 'ઇ' તથા 'ઉ' સાનુસ્વાર કે નિરનુસ્વાર એ અનુક્રમે દીર્ઘ ને હ્રસ્વ લખવા.

| | |
|---|---|
| અહીં (अस्मिन्) | બોદું (बोदकं) |
| દહીં (दधि) | પિયુ (प्रीणयितु) |
| લીટી (लेखा-लिहा) | લીંબુ (निंबू) |
| વીજળી (विद्युत-विज्जालिया) | રીઢું (रिद्ध - દશ્ય) |

જો એકાક્ષરી હોય તો ઊ - દીર્ઘ લખવો. જેમકે, લૂ, જૂ, થૂ, બૂ, ભૂ

૧૪. શબ્દના બંધારણમાં 'ઈ' પછી સ્વર આવતો હોય, તો તેને હ્રસ્વ કરી સ્વરની પહેલાં 'ય' ઉમેરીને લખવું. જેમકે,

| | | |
|---|---|---|
| દરિયો | કજિયો | ફળિયું |
| પડિયો | ઠળિયો | ધોતિયું |
| ખડિયો | તકિયો | સહિયર |

૧૫. ધાતુના પ્રેરક કર્મણિ પ્રયોગનાં રૂપોમાં મૂળ દીર્ઘના સ્થાને હ્રસ્વ કરવું. જેમકે,

| | |
|---|---|
| ભૂલ - ભુલાવવું | પૂછવું - પુછાવું |
| શીખ - શિખામણ | પૂરવવું - પુરવાવવું |
| મૂકવું - મુકાવું, મુકાવવું | ગૂંચ - ગુંચાવવું |
| નીકળ - નિકાલ | ઊઠ - ઉઠાડ |

૧૬. ચાર કે તેથી વધારે અક્ષરના શબ્દોમાં આદિ ઇ કે ઉ હ્રસ્વ લખવા. જેમકે,

| | | | |
|---|---|---|---|
| મિજલસ | નિહારિકા | નુકસાન | વિચક્ષણ |
| મિલકત | કિસલય | કુદરત | બુમરાણ |
| ખિસકોલી | કિરપાણ | કુરબાન | વિકસિત |
| ખિલાફત | ગિરનાર | ખુશામત | પુલકિત |

૧૭. હકાર બાબત નીચે પ્રમાણે કરી શકાય. જેમકે,

| | | | |
|---|---|---|---|
| | | બીક | સામું |
| નાનું | મોટું | મોં | મોવું |
| ઊંચું | મોર | ક્યારે | જ્યારે |
| જ્યાં | ત્યાં | તમારું | તારું |
| ત્યારે | મારું | આવું | |
| તેનું | અમારું | | |

આમ છતાં-વિકલ્પ

| | | | |
|---|---|---|---|
| નાહ | ચાહ | સાહ | મોહ |
| લોહ | દોહ | કોહ | સોહ |

એ ધાતુઓને અનિયમિત ગણી તેમનાં દર્શાવ્યા પ્રમાણે રૂપ સાબિત કરવાં : નાહ-વું = નાહું છું.

નાહીએ છીએ, નહાય છે, નાહો છો, નાહ્યો-હ્યા, - હી, હ્યુ, હ્યાં

| | | | | |
|---|---|---|---|---|
| નાહીશ | નાહીશું | નહાશે | નહાત | નહાતો |

તી-તુ; નાહવાનો અથવા નાવાનો; નાહેલો, -લી, -લું; નહા, નહાજ, નાહવું.

| | | | |
|---|---|---|---|
| નવડા(રા)વવું; | નવાવું | નવાય | નાવણ |
| નાવણિયો | નવેણ | નવાણ | |
| ચાહ-વું=ચાહું છું. | ચાહીએ છીએ | ચાહે છે | ચાહો છો |

ચાહ્યો, હ્યા, હી, હ્યું, હ્યાં,

| | | | |
|---|---|---|---|
| ચાહીશું | ચાહશે | ચાહશો | ચહાત |
| ચહાતા-તી,-તું | ચાહનાર | ચાહવાનો | ચાહેલો-લી,-લું |
| ચાહ | ચાહજે | ચાહવું. | |
| ચહવડા(રા)વવું; | ચહાવાવું | ચહવાય આવા પ્રયોગ પ્રચલિત નથી, | |

આ પ્રમાણે બીજી ધાતુઓનાં રૂપો થાય છે.

૧૮. આગળના હને છૂટો ન પાડતાં ડને ઠેકાણ ઢ વાપરવો.

કહાડવું વહાડવું - નહિ પણ કાઢવું વાઢવું કઢી ટાઢ અઢાર કઢવું - એમ લખવું, પરંતુ

ચઢવું લઢવું દાઢમ - નહિ પણ ચડવું લડવું દાડમ - એમ લખવું.

૧૯. કેટલાક શબ્દોના ઉચ્ચારમાં યકાર શ્રુતિ થાય છે. જેમકે,

| | | | | |
|---|---|---|---|---|
| લાવ્ય | આંખ્ય | જાત્ય | લ્યો | દ્યો |

પણ લખવામાં યકાર દર્શાવવાની જરૂર નથી. જેમ કે,

| | | | | |
|---|---|---|---|---|
| લાવ | આંખ | જાત | લો | દો |

૨૦. ર, ડ, લ, ને ળ ને બદલે કેટલાક શબ્દોમાં યકાર બોલાય છે, તે ન વાપરતાં મૂળ રૂપે જ લખવું. જેમકે,

| | | |
|---|---|---|
| પાયણું નહીં પારણું | બાયણું નહીં બારણું | દોયડું નહીં દોરડું |
| ખાંયણી નહીં ખાંડણી | ચાયણી નહીં ચાળણી | |

૨૧. અનાદિ શના ઉચ્ચારની બાબતમાં પ્રાંતિક ઉચ્ચારભેદ છે. આવે ઠેકાણે વિકલ્પ રાખવો. જેમકે,

| | | | | | |
|---|---|---|---|---|---|
| ડોશી | માશી | ભેંશ | છાશ | ઍંશી | વિશે |
| ડોસી | માસી | ભેંસ | છાસ | ઍંસી | વિષે |

છતાં શક, શોધ અને શું-માં શ રૂઢ છે તે રાખવો, જ્યારે શર્કરાના શાકરમાં ઉચ્ચારને લઈ સ રાખવો.

૨૨. અનંત્ય ઈ તથા ઊ પર આવતા અનુસ્વારનો ઉચ્ચાર પોચો હોય ત્યારે ઈ કે ઊ દીર્ઘ લખવા. જેમકે,

ઈંડું સીંચણિયું પીંછું લૂંટ પૂછડું વરસૂંદ

૨૩. શબ્દમાં આવતા યુક્તાક્ષરથી જ્યાં આગલા સ્વરને થડકો લાગતો હોય ત્યાં ઈ કે ઊ જે હોય તે હ્રસ્વ લખવા, અનુસ્વારનો ઉચ્ચાર અનુનાસિક જવો થતો હોય, ત્યાં યુક્તાક્ષર ગણવો. જેમકે,

કિસ્તી શિસ્ત ફુક્કર જુસ્સો ચુસ્ત

છેતરપિંડી જિંગોડી લુંગી ઠુંઠ તુંડાઈ

૨૪. વ્યુત્પત્તિનો આધાર હોય એવા બે અક્ષરના શબ્દમાં ઉપાંત્ય ઈ, ઊ દીર્ઘ અને બેથી વધારે અક્ષરના શબ્દોમાં ઇ ઉ પછી લઘુ અક્ષર આવે તો દીર્ઘ અને ગુરુ અક્ષર આવે તો હ્રસ્વ લખવાં. જેમકે,

ઝીણું જીનો કીડી ચૂક ઝૂલો થૂઈ તૂત

વિમાસ ખુશાલ ખેડૂત મંજૂર મરહૂમ સુતાર કિનારો

અપવાદ - બે અક્ષરના શબ્દ-સુધી, દુઃખ

૨૫. વિશેષણ પરથી થતાં નામ; તેમજ નામ પરથી થતાં ભાવવાચક નામોમાં મૂળ શબ્દની જોડણી કાયમી રાખવી. જેમકે,

ગરીબ વકીલ મીઠું

ગરીબાઈ વકીલાત મીઠાશ

૨૬. ઉપાંત્ય સ્વર પર ભાર આવતો હોય, તો દીર્ઘ કરવા. જેમકે,

કબીલો ગોટીલો દાગીનો અરડૂસો દંતૂડી

ભાર ન આવતો હોય એવા શબ્દો જેમકે,

ટહુકો મહુડું

૨૭. સમાસાંત શબ્દમાં પણ મૂળ જોડણી કાયમ રાખવી. જેમકે,

ભૂલથાપ બીજવર હીણકમાઉ

૨૮. જ અને ઝ જેમાં આવતા હોય એવા શબ્દોમાં કેટલેક ઠેકાણે જ ને કેટલેક ઠેકાણે ઝ બોલાય તથા લખાય છે. જેમકે,

સાંજ સજા મજા જિંદગી સમજ

આમાં જ; અને ગોઝારું, અને મોઝાર એમાં ઝ લખવા સંબંધી વિકલ્પ પણ છે.

**કેટલીક મહત્ત્વની જોડણીઓ**

| | | | |
|---|---|---|---|
| દામિની | વાહિની | ઊર્ધ્વ | પૂર્ણિમા |
| સુરભિત | અંગુલિ | વનરાજિ | જર્જરિત |
| વૃદ્ધિ | દષ્ટિ | શિરીષ | કૂંપળ |
| યુનિવર્સિટી | કમ્પ્યૂટર | જિંદગી | મૈત્રેયી |
| મ્યુનિસિપાલિટી | પુદ્ગલ | ટિટોડી | પ્રતિનિધિ |

# 'VASCSC'ની મુલાકાતો

સંકલન : નિશિતકુમાર જે. પંડ્યા
રોલ નં. ૭૮, સેમ.-૪, વર્ષ ૨૦૧૭-૧૮

VASCSC : Vikram A Sarabhai Community Science Centre એ વિશ્વભરમાં સી.એસ.સી. (CSC) તરીકે પ્રખ્યાત છે. ઈ.સ. ૧૯૬૦માં વિખ્યાત વૈજ્ઞાનિક અને અવકાશ ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપનાર શ્રી વિક્રમ એ. સારાભાઈએ આ વિજ્ઞાનકેન્દ્રની સ્થાપના કરી હતી.

**હેતુ :** શિક્ષકો, ભાવિ શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ લોકોમાં વિજ્ઞાન અને ગણિતશિક્ષણ મેળવવાની ઉત્સુકતા જાગે, તેઓમાં વિજ્ઞાન અને ગણિતનું શિક્ષણ લોકપ્રિય બને, તેઓમાં વૈજ્ઞાનિક અભિગમો, વલણો અને કૌશલ્યોનો વિકાસ થાય.

સાયન્સકેન્દ્રમાં અવારનવાર અવનવા વિજ્ઞાન અને ગણિતના કાર્યક્રમોનું આયોજન થાય છે. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન યોજાયેલા અનેક કાર્યક્રમોમાંના મુખ્ય બે કાર્યક્રમોમાં એ. જી. ટીચર્સ કૉલેજના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો, જેના માર્ગદર્શક : ડૉ. કે. એચ. યાદવ (એસો. પ્રોફેસર) હતા.

(1) **Hands On Approach In 'STEM' Learning :**

– STEM : Science, Technology, Engineering, Mathematics
– STEAM : Science, Technology, Engineering, Arts, Mathematics
– STREAM : Science, Technology, Reading-Writing, Engineering, Arts & Mathematics.
– STEMથી STEAM તરફ અને STEAM થી STREAM તરફનું અધ્યયન-અધ્યાપનકાર્ય.

તા. ૮ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ આયોજિત આ કાર્યક્રમમાં વિવિધ શાળાના શિક્ષકો, ગણિત અને વિજ્ઞાનના રસિકો તેમજ ગણિત અને વિજ્ઞાન વિષયના ભાવિ શિક્ષકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન પ્રો. એ.આર. રાવ દ્વારા સ્થાપિત પ્રથમ ગણિત પ્રાયોગિક શાળામાં ગણિત વિષયનાં વિવિધ મૉડેલો અને 'પ્રાયોગિક રીતે ગણિત અધ્યાપન કેવી રીતે કરી શકાય' જેવા વિષયની સમજૂતી અપાઈ હતી. ત્યાર બાદ વિજ્ઞાનના વિવિધ વિષયો કેવી રીતે જુદા-જુદા સમજાવવા તેનું પ્રાયોગિક વલણ જેવા મુદ્દાઓ સ્પષ્ટ કરવામાં આવ્યા. ત્યાર બાદ મૉડેલ રોકેટ્રીનું પ્રાયોગિક કાર્ય શિક્ષકો દ્વારા કરાવવામાં આવ્યું.

એ.જી. ટીચર્સ કૉલેજના કુલ ચાર તાલીમાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

તાલીમાર્થીઓ : (વિષય - ગણિત અને વિજ્ઞાન)

૧. પંડ્યા નિશિતકુમાર જે. (રોલ નં. ૭૮)
૨. ડાંગોદરા અરવિંદ બી. (રોલ નં. ૭૪)
૩. દવે ખુશ્બુ ડી. (રોલ નં. ૭૫)
૪. સોલંકી ઝલક આર. (રોલ નં. ૮૬)

(૨) **World Science Day Programme :**

તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ વિશ્વ વિજ્ઞાનદિવસ નિમિત્તે આયોજિત ગણિત અને વિજ્ઞાન વિષયના કાર્યક્રમમાં એ.જી. ટીચર્સ કૉલજ અને પ્રકાશ બી.એડ્. કૉલેજના સંયુક્ત કુલ ૫૦ તાલીમાર્થી જે ગણિત અને વિજ્ઞાન વિષય સાથે સંકળાયેલા છે, તેઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન ગણિત અને વિજ્ઞાન વિષયને રસપ્રદ કેવી રીતે બનાવવો અને પ્રાયોગિક કાર્યો કેવી રીતે કરવાં, સામાન્ય બાબતોને વિજ્ઞાન સાથે કેવી રીતે સાંકળવી, વિવધ વિષયોનો અનુબંધ કેમ કરી જોડવો એ અંતર્ગત કુલ ૩ સેશન (ભાગ)માં કાર્યક્રમ યોજાયો હતો, જેમાં એ.જી. ટીચર્સ કૉલેજના માર્ગદર્શક : ડૉ. કે.એચ.યાદવ અને પ્રકાશ બી.એડ્. કૉલેજના માર્ગદર્શક ડૉ. વી.બી. જાદવ પણ જોડાયા હતા.

## કવિતાઓ

### ગંગા નીકળે

હાથને ચીરો, તો ગંગા નીકળે;
છેવટે એ વાત અફવા નીકળે.

સ્તબ્ધ આંખોમાં કરો ખુલ્લી તપાસ;
ભોંયરાઓ એમાંથી ક્યાં-ક્યાં નીકળે.

એ શું કબ્રસ્તાનનું કાવતરું છે;
મુઠ્ઠીઓ ખોલો, તો મડદા નીકળે.

દાબડીમાં બંધ છે એક માણસઃ
ઢાંકણું ખોલો, તો લાવા નીકળે.

નિરંતર મેશમાં સબડે સતત;
સૂર્ય નીકળે, તો કાળો નીકળે.

**કવિ - રમેશ પારેખ**

### કોઈ સ્મિતે-સ્મિતે સળગે છે

કોઈ સ્મિતે-સ્મિતે સળગે છે;
કોઈ રડીને દિલ બહેલાવે છે.

કોઈ ટીપે-ટીપે તરસે છેઃ
કોઈ જામ નવા છલકાવે છે.

સંજોગોના પાલવમાં છે બધુંઃ
દરિયાને ઠપકો ન આપો.

એક તરતો માણસ ડૂબે છેઃ
એક લાશ તરીને આવે છે.

**કવિ : સૈફ પાલનપુરી**

## 'નશો નાશનું મૂળ છે'

**- નિશિતકુમાર જે. પંડ્યા**
**રોલ નં. ૭૮ સેમ.૪ ૨૦૧૬-૧૮**

નશાખોર માણસને મત્તા કહેવામાં આવે છે. નશાને નાશનું મૂળ ગણવામાં આવ્યો છે અને નશાની વાત આવે એટલે માત્ર કેફી પદાર્થોનો નશો એવો સંકીર્ણ અર્થ ન કરવો, કારણ કે કોઈ પણ કેફી પદાર્થનો નશો તો ખરાબ છે, પરંતુ ઘણીવાર સંપત્તિ, શક્તિ, સુંદરતા, શિક્ષણ અને સ્થાનનો નશો પણ માનવીનું પતન નોતરે છે. સુંદરતા, શિક્ષણ અને સ્થાનનો નશો પણ માનવીનું પતન નોતરે છે.

"નશો છે નાશનું મૂળ,
જો માનવી થાય એમાં ચકચૂર,
તો જિંદગી બને છે ધૂળ."

આધુનિક ડિજિટલ યુગમાં સામાજિક માધ્યમો પણ એક હાનિકારક નશારૂપ બની ગયાં છે. ઇંગ્લેન્ડની કાર્ડિફ વિશ્વવિદ્યાલયના એક સંશોધનમાં જાણવા મળ્યું કે બારથી પંદર વર્ષનાં બાળકોમાં દર ત્રીજા બાળકની સપ્તાહની એકવારની ઊંઘમાં પડતું ખલેલ એ સામાજિક માધ્યમોનો વધુ પડતો ઉપયોગ છે. મોડી રાત સુધી સામાજિક માધ્યમોના ઉપયોગથી બીજા દિવસે બાળક એકાગ્રતાથી અભ્યાસ કરી શકતું નથી. વિશ્વવિદ્યાલયને ૮૪૮ બાળકો પરના પ્રયોગ પરથી જાણવા મળ્યું કે દર ત્રીજું બાળક પોતાને થાકેલું અનુભવે છે.

ભારતમાં ૫૦ ટકા લોકો હૃદયરોગથી મૃત્યુ પામે છે, જેમાં ૩૦ ટકા યુવાનો છે. અને તેનું જવાબદાર પરિબળ વર્તમાન જીવનશૈલી અને ખોરાકને માનવામાં આવે છે. 'બ્લ્યુ વહેલ' જેવી ગેમોનો નશો એટલી હદે વધી ગયો, કે જેના કારણે વિશ્વમાં હજારો બાળકોએ આત્મહત્યા કરી અને બાળકોના હિતમાં ગુજરાત સરકારે તેના પર પ્રતિબંધ લાદ્યો.

“નશો છે કંટકનું મૂળ,
એમાં છે માનવીનો દસ્તૂર,
બીડી, સિગારેટ ને દારૂનું ભૂત,
તે માનવમનને કરે છે સ્થૂળ.”

- ભારતમાં દર વર્ષે ૧૦ લાખ લોકોનાં મોત તમાકુનાં પાંદડાંથી થાય છે, જ્યારે વિશ્વમાં દર ૬ સેકન્ડે એક વ્યક્તિનું મૃત્યુ તમાકુનાં ઝેરી પાંદડાંથી થાય છે.
- વિશ્વમાં સિગારેટ પીનારા કુલ લોકોમાંથી ૨૯ ટકા લોકો ભારતમાં રહે છે.
- ભારતમાં ૨૭ કરોડ લોકો તમાકુનું સેવન કરે છે.
- ભારતના દર ૩ યુવાનમાંથી ૧ યુવાન તમાકુનું સેવન કરે છે.
- દેશમાં જેટલી સરળતાથી તમાકુ મળે છે, તેટલી જ મુશ્કેલીથી તે છૂટે છે. છેલ્લાં ૩૪ વર્ષથી ભારતમાં લગભગ ૧૧ ટકા લોકોએ જ ધૂમ્રપાન છોડ્યું છે.
- તમાકુમાં ૪૦૦૦ ખતરનાક કેમિકલ હોય છે, તેમાંથી ૫૦ કેમિકલ કેન્સરનું કારણ બને છે. અહેવાલ મુજબ ૬,૦૦,૦૦૦ લોકોનાં મોત ‘પેસિવ સ્મોકિંગ’થી થાય છે.

**‘દારૂ એ વિકૃતિને નોતરે છે’**

તાજેતરમાં જ બનેલી એક ઘટનામાં અમેરિકાના ‘લાસવેગાસ’માં દારૂના નશામાં ધૂત એક યુવાને કોઈ પણ કારણ વગર પાર્ટીમાં ગોળીબાર કરી ૫૧ લોકોનું મોત નીપજાવ્યું.

‘એક વ્યસનમુક્ત સમાજની રચના’ માટેના પ્રયત્નોમાં ‘મુક્ત આંગનમિત્ર’ નામની સંસ્થાની સ્થાપના ૧૯૮૬માં પૂણે ખાતે કરવામાં આવી, જે ડ્રગ વ્યસનનિવારણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામ કરવા બદલ ૨૦૧૪માં રાષ્ટ્રીય એવૉર્ડ મેળવી ચૂકી છે.

સેક્શન - ૫૧૦ મુજબ નશાની હાલતમાં કોઈ જાહેર સ્થળ પર જવું કે બીજાને ત્રાસ આપવો એ ગુનો બને છે અને તે બદલ વ્યક્તિને ૨૪ કલાકની સજા કે ૧૦ રૂ. દંડ કે બંને થઈ શકે છે. ગુજરાત સરકારે કાયદાઓને કડક બનાવતા તાજેતરમાં જણાવ્યું કે દારૂ પીનાર કે વેચનારને ૧૦ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.

‘નશો ક્રોધનું મૂળ છે, નશો નાશનું મૂળ છે.
નશો વ્યગ્રતાનું મૂળ છે, નશો નાશનું મૂળ છે.
નશો એકલતાનું મૂળ છે, નશો નાશનું મૂળ છે.
નશો વિકૃતિનું મૂળ છે, નશો નાશનું મૂળ છે.
નશો તણાવનું મૂળ છે, નશો નાશનું મૂળ છે.
નશો વ્યભિચારનું મૂળ છે, નશો નાશનું મૂળ છે.
નશો સ્થૂળતાનું મૂળ છે, નશો નાશનું મૂળ છે.
‘હે માનવી! નશામાં તું ના ડૂબ,
એ તો છે તારી મોટી ભૂલ, નશો છે નાશનું મૂળ.’

ગુજરાત અને વર્ધામાં દારૂ બંધી છે, પરંતુ દેશનાં ૨૮ રાજ્યોમાં દારૂબંધી નથી. ૧ રૂ.ની ચૉકલેટથી માંડીને માનવીની દરેક પ્રાથમિક જરૂરિયાત પર GST લાગુ કરવામાં આવ્યો. તાજેતરમાં માત્ર બે વસ્તુ પર GST નથી. પહેલું છે ‘ખનીજતેલ’ અને બીજો છે દારૂ. તો શરીર માટે હાનિકારક એવા દારૂ પર GST કેમ નહીં?

શું ખરેખર, નશો એ નાશનું મૂળ છે?

“જાગો; જાગો; યુવાન, આવી પહોંચ્યાં એંધાણ,
ઈન્સાની તખ્ત પર કરાલકાજ જાગે,
સમાજ આજ મારો ‘નવરચના’ માગે.”

# શિક્ષકની ભૂમિકા એક કુંભાર તરીકે

*- સંકલન : શ્રીમાળી જૈમિની બી.*
*ઈન્ટર્નશિપ એમ.એડ્. ૨૦૧૭-૧૮*

શિક્ષક વિશે કહેવું હોય, તો શિક્ષક એક કુંભાર છે તેમ કહી શકાય. આપણે અહીં કોઈ વર્ણ, વર્ગ, જાતિ, જ્ઞાતિ કે ધર્મને ધ્યાનમાં નથી લેતાં. અહીં કુંભાર એટલે એક પ્રકારની વૃત્તિ, વર્ણ નહીં.

શિક્ષકને ખૂબ જ સભાનતાપૂર્વક કુંભાર સાથે સરખાવી શકાય. જ્યાં કુંભાર માટી શોધે. માટી શોધ્યા પછી એને સ્નેહના જળથી ભીંજવે, ભેગી કરે અને ખૂબ જતનથી એનો પિંડ બનાવે. એ રીતે આજનો શિક્ષક પોતાની મમતા ઉમેરી પાસે આવેલા બાળકનો જીવનપિંડ તૈયાર કરે, એ એનો ધર્મ હોવો જોઈએ. આને કેળવણી કહેવાય અને આ પિંડને જુદા-જુદા આકાર આપી યોગ્ય પાત્ર નિર્માણ કરી શકાય છે. ઘાટ આપી શકાય છે.

દરેક શિક્ષકે માત્ર ચાર પાત્ર તૈયાર કરવાની જરૂર છે, જેમાં પ્રથમ પાત્ર તાવડી છે. રોટલા ઘડવા માટે તાવડી જોઈએ. એમ કહેવાય છે કે જ્યારે મહેમાન આવવાના હોય, ત્યારે એ તાવડી હસતી હોય એવું લાગે. વિદ્યાર્થીને આપણે આ સમજાવવાનું છે કે તારા ચિત્તની હું એવી તાવડી બનાવીશ કે તારું ચિત્ત હંમેશાં હસતું રહે, પ્રસન્ન રહે.

ચાર પાત્રોમાંનું બીજું પાત્ર શિક્ષકે ઘડવાનું છે. એ છે ઘડો. શિક્ષક જ્યારે વિદ્યાર્થીને ભણાવી રહ્યો હોય. ત્યારે એની અવસ્થા એક કુંભાર જેવી હોય છે. પહેલી નજરે જોઈએ તો આપણને લાગે કે આ કુંભાર ચાકડો ફેરવે છે, પણ શું બનાવે છે, એનો અંદાજ નથી મળતો. હાથમાં માટીનો પિંડ લઈ ધીરે-ધીરે એક હાથ પિંડના પોલા આકારની અંદર રાખી અને બહારથી કડક હાથનો દબાવ આપી એ પાત્ર બનાવે છે. ત્યારે કોઈકને થાય કે હમણાં આ પાત્ર તૂટી જશે ! પણ કુંભારને પૂરો વિશ્વાસ છે કે બહારથી કડકપણું છે, પણ ભીતરથી જે વાત્સલ્યનું ઢાંકણ બનીને હથેળી ટેકવી રહી છે, તે પાત્રને જાળવી લે છે આ અર્થમાં પ્રત્યેક શાળા જે-તે ગામનું પાણિયારું કહેવાય. માત્ર પ્રમાણપત્ર આપવું અને વિદ્યાર્થી ડિગ્રીવાળો થઈ જાય એવું સાચા શિક્ષકે ક્યારેક વિચારવું નહીં. એને તો એટલું જ વિચારવાનું કે મેં જે ઘડાનું નિર્માણ કર્યું છે, એ કોઈ પણ માણસની જ્ઞાનપિપાસાને કોઈ પણ સમયે તૃપ્ત કરે.

ત્રીજું પાત્ર છે નળિયું. શિક્ષકે વિદ્યાર્થીનો માનસિક ઘાટ નળિયા જેવો બનાવવો જોઈએ. નળિયાનો આકાર ગોળ-નળાકાર હોય છે. પણ એને ચાકડા ઉપરથી ઉતારીને એના બે ભાગ કરવામાં આવે છે. એ જ રીતે વિદ્યાર્થીએ એના બૌદ્ધિકપણાના બે ભાગ કરવા પડે છે. એને પહેલેથી જ સમજાવવાનું હોય છે કે તારા જીવનમાં બહુ દ્વન્દ્વ આવશે. સુખ આવશે, દુઃખ આવશે, નિરાશા આવશે, ઉત્સાહ આવશે પણ આ બધાંને ગોઠવતાં તું શીખી જઈશ, તો તારું ઘર ભીંજાશે નહીં. મુશળધાર વરસાદમાં પણ તારા ઘરમાં કોઈ ચૂવા નહીં પડે. આમ ઘરની અને એ રીતે પૂરા સમાજની સુરક્ષા માટે શિક્ષકે વિદ્યાર્થીને નળિયાં જેવો બનાવવાનો છે. જે રીતે નળિયાં દરેક ઋતુમાં પ્રકૃતિ સાથેનો સંબંધ જાળવી રાખે છે, એ રીતે જ વિદ્યાર્થીને વરસતા વરસાદમાં ભીંજાઈ જવા વર્ગમાંથી બહાર મોકલવો જોઈએ. પ્રકૃતિ સાથેનો નાતો તૂટવો જોઈએ નહીં. બાળક પ્રકૃતિને ઓળખશે, તો તે કોઈ પણ પ્રકારની વિકૃતિથી બચી શકશે. બાળક બચશે, તો એ પૂરા સમાજને બચાવશે.

છેલ્લે જે ચોથું પાત્ર છે તે કોડિયું છે. શિક્ષકે વિદ્યાર્થીને કોડિયા જેવો બનાવવાનો છે. કોડિયાનું કર્મ છે કે પોતે પોતાનામાં દીપ પ્રજ્વલિત કરે અને એ રીતે સમાજને પ્રકાશિત કરે. આમ, કોડિયાનું આ કર્મ એ જ એનો ધર્મ છે, એ સમજાવવું.

શિક્ષક માત્ર પાઠ્યપુસ્તકમાં જ ઘૂસી રહે એ ન ચાલે. જો શિક્ષક કેવળ પુસ્તક વાંચે અને મસ્તક ન વાંચે, તો એ સામે બેઠેલા પાત્રની માનસિક સૃષ્ટિમાં પ્રવેશ નહીં કરી શકે શિક્ષકને બાળકનું મન વાંચતાં આવડવું જોઈએ. અને વિદ્યાર્થી પોતાની જિંદગીમાં જે-જે સ્થળે જાય, ત્યાં પોતાના શિક્ષકને યાદ કરે અને એનો પરિચય આપતો રહે, ત્યારે એ શિક્ષકનું જીવન ધન્ય થયું કહેવાય.

- મોરારિબાપુ (માનસદર્શન) દિવ્યભાસ્કર

# સામાજિક વિજ્ઞાનમંડળ

- ડૉ. જ્યોતિબહેન એસ. અમરેલિયા

શાળા-મહાશાળાઓઓમાં વિવિધ વિષયોનું અધ્યયન કે અધ્યાપનકાર્ય થાય છે. તે દરેક વિષયને પોતાનાં ધ્યેયો, હેતુઓ અને ક્ષમતાઓ હોય છે, પણ સમગ્ર રીતે જોઈએ તો શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોનો સર્વાંગી વિકાસ કરવો અને તેમાં રહેલી જન્મજાત શક્તિઓ જ સુષુપ્ત અવસ્થામાં પડી હોય, તેને પદ્ધતિસરના પ્રયત્નો દ્વારા બહાર લાવવી તે જ છે, જેથી તેના વ્યક્તિત્વનો વિકાસ થાય, શાળા-મહાશાળાઓમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ વિષયોમાં અભ્યાસ-મંડળો ચલાવવામાં આવે છે. જેવાં કે, વિજ્ઞાનમંડળ, ગણિતમંડળ, ભાષામંડળ અને સામાજિક વિજ્ઞાનમંડળ. અહીં આજે આપણે સામાજિક વિજ્ઞાનમંડળ વિશે વિગતે ચર્ચા કરીએ.

વર્ગખંડમાં વિદ્યાર્થીઓને વૈવિધ્યપૂર્ણ નવીન અધ્યયન-અનુભવો પૂરા પાડવાની તકો મર્યાદિત હોય છે. સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં વિદ્યાર્થીઓને વાસ્તવિક અનુભવો પૂરા પાડવાની તકો વિશાળમાત્રામાં રહેલી છે. સામાજિક વિજ્ઞાન વિષયના સંદર્ભમાં યોજી શકાય તેવી પ્રવૃત્તિઓનાં આયોજન અને અમલીકરણ માટે કોઈ વ્યવસ્થા હોવી જરૂરી છે. આ માટે સામાજિક વિજ્ઞાનમંડળ (Social Science Club) શ્રેષ્ઠ વ્યવસ્થા છે. સામાજિક વિજ્ઞાનમંડળ દ્વારા વિદ્યાર્થીઓને વર્ગખંડની ચાર દીવાલમાંથી બહાર લાવી શકાય છે. શિક્ષણનું પ્રવૃત્તિમય અને અનુભવજન્ય બનાવી શકાય છે. સામાજિક વિજ્ઞાનમંડળ અંતર્ગત ઘણી બધી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓનો શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક વિકાસ કરવો શક્ય બને છે.

**સામાજિક વિજ્ઞાનમંડળનું મહત્ત્વ**

- નૂતનશિક્ષણનો આધાર વિદ્યાર્થીઓના સ્વઅધ્યયન પર છે. નૂતનશિક્ષણમાં તપાસ અને શોધનું મહત્ત્વ સ્વીકારાયું છે. સામાજિક વિજ્ઞાનમંડળ આ પ્રકારના અભિગમના ઉપયોગ માટે વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓનું આયોજન કરી આપે છે, પ્રવૃત્તિઓ કરવાની તક પૂરી પાડે છે, જેથી શાળાનું વાતાવરણ જીવંત અને ચેતનવંતુ બને છે.
- વિદ્યાર્થી પોતાની ઈચ્છાથી જુદી-જુદી પ્રવૃત્તિઓમાં રસ લેતા હોય છે, તેથી તેઓમાં વિષય પ્રત્યેની રુચિ અને જ્ઞાન વધે છે.
- સામાજિક વિજ્ઞાનમંડળની પ્રવૃત્તિઓ દ્વારા થતું અધ્યયન અનૌપચારિક હોય છે, તેથી વિદ્યાર્થીઓ આનંદ સાથે બધી પ્રવૃત્તિઓ સક્રિય રીતે સામેલ થાય છે, જેથી સામાજિક વિજ્ઞાનને લગતું જ્ઞાન, કૌશલ્યો, વલણો વિદ્યાર્થીઓમાં સ્વાભાવિક રીતે જ ઊભાં થાય છે.
- વિદ્યાર્થીઓને નવું-નવું જણાવવાની વૃત્તિને સંતોષે છે. જેથી તેમની આંતરિક શક્તિઓને રચનાત્મક રીતે ઢાળી શકાય છે.
- સામાજિક વિજ્ઞાનમંડળની પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં જૂથભાવના, સંઘ, સહકાર, સહિષ્ણુતા, આત્મવિશ્વાસ, નેતૃત્વના ગુણોનો વિકાસ થાય છે.
- મંડળના દરેક કાર્યક્રમોમાં ભાગ લેવાથી તેનામાં સર્જનશીલતાનો વિકાસ થાય છે. તર્ક, નિર્ણય, કલ્પના, અવલોકન, સમસ્યાઉકેલ, કાર્યકારણ સંબંધ, અર્થઘટન, પૃથ્થકરણ જેવી વિશિષ્ટ શક્તિઓ વિકસે છે.

– વિદ્યાર્થી મંડળના માધ્યમથી વિશ્વ અને રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાથી પરિચિત થાય છે. તેનું જતન કરતાં પણ શીખે છે. જેથી તે વિશ્વનાગરિક બની શકે છે.

**સામાજિક વિજ્ઞાનમંડળની રચના**

સામાજિક વિજ્ઞાનમંડળ એ સામાજિક વિજ્ઞાન વિષયને લગતી પ્રવૃત્તિઓ કરતું મંડળ છે. તેમાં સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ સભ્યો હોય તે સ્વાભાવિક છે. મંડળનું સંચાલન લોકશાહી ઢબે થવું જરૂરી છે તથા તેનું ચોક્કસ હેતુપૂર્ણ બંધારણ હોવું પણ જરૂરી છે, જેમાં મંડળનું નામ, હેતુઓ, સભ્યપદ માટેના નિયમો, સભ્યસંખ્યા, અધ્યક્ષ-ઉપાધ્યક્ષની નિમણૂક અને તેઓની સત્તા-જવાબદારીઓ, ફરજો, મંડળની સમિતિઓ, મંડળની મિટિંગનું સ્થળ-સમય, વર્ષમાં કેટલી મિટીંગ કરવી ? પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટસ વગેરેનું ચોક્કસ, નિયત કરેલું આયોજન હોવું જોઈએ, જેથી સામાજિક વિજ્ઞાનમંડળનું સુચારુ અને વ્યવસ્થિત સંચાલન થઈ શકે અને મંડળના ઉદ્દેશોને સફળ કરી શકાય.

**સામાજિક વિજ્ઞાન મંડળના નીચે જણાવેલ હોદ્દેદારો રાખી શકાય.**

| | | |
|---|---|---|
| ૧. | મંડળના અધ્યક્ષ (ચેરમેન) | શાળાના આચાર્ય (હોદ્દાની રૂએ) |
| ૨. | મંડળના ઉપાધ્યક્ષ (મંત્રી) | સામાજિક વિજ્ઞાનના શિક્ષક |
| ૩. | સહમંત્રી | ઉત્સાહી વિદ્યાર્થી |
| ૪. | મંડળના સભ્યોની સંખ્યા | ૧૦થી ૨૦ વિદ્યાર્થીઓ |

– શાળાના દરેક ધોરણનું પ્રતિનિધિત્વ જળવાય તે જોવું.

– છોકરા-છોકરીઓનું પ્રમાણ જાળવવું.

**સામાજિક વિજ્ઞાનમંડળની સમિતિઓ**

સામાજિક વિજ્ઞાનમંડળમાં વિવિધ પ્રવૃત્તિઓના સંદર્ભમાં નીચેના જેવી સમિતિઓની રચના કરી શકાય :

| | | |
|---|---|---|
| ૧. પ્રદર્શનસમિતિ | ૨. સાધન-નિર્માણ સમિતિ | ૩. પ્રવાસ-પર્યટનસમિતિ |
| ૪. સ્પર્ધા આયોજનસમિતિ | ૫. સાંસ્કૃતિક કાર્યક્રમસમિતિ | ૬. પ્રશ્નપેટી રચનાસમિતિ |
| ૭. પત્રમૈત્રીસમિતિ | ૮. પ્રકાશનસમિતિ | ૯. ભીંતપત્ર અને અંકસમિતિ |
| ૧૦. પુસ્તકાલયસમિતિ | ૧૧. ચિત્રકલાસમિતિ | |

**સામાજિક વિજ્ઞાનમંડળની પ્રવૃત્તિઓ**

ઉપર્યુક્ત સમિતિઓ દ્વારા મંડળમાં નીચેની પ્રવૃત્તિ યોજી શકાય:

– સ્વનિર્મિત સાધનોનું નિર્માણ કરવું - સમારકામ કરવું. વિશિષ્ટ દિન - પર્વની ઉજવણી- આયોજન કરવું.

– સામાજિક વિજ્ઞાનમેળાનાં પ્રદર્શનોનું આયોજન સંચાલન કરવું.

– હસ્તલિખિત અંકો તૈયાર કરવા. (સિક્કા, ટિકિટ, ચિત્રો, લેખો વગેરેનો સંગ્રહ કરવો. સંગ્રહપ્રવૃત્તિ)

– વિષયવાર તજ્જ્ઞોનાં વાર્તાલાપો, વ્યાખ્યાનો ગોઠવવાં.

– રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બનેલી ઘટનાઓની માહિતી ભેગી કરવી, બુલેટિનબોર્ડ પર મૂકવી.

– રાષ્ટ્રીય ગીત, શૌર્યગીત, દેશભક્તિ ગીતોની સ્પર્ધા યોજવી.

- ઐતિહાસિક ટી.વી. શ્રેણીઓ, ચલચિત્રો, દસ્તાવેજી ચિત્રો, ફિલ્મ સ્ટ્રીપ, સામાજિક વિજ્ઞાનની ક્લિપો વગેરે જેવી અગત્યની માહિતી આપવી.
- વેબસાઇટ્સ સ્લાઇડનું નિદર્શન કરાવવું. આકાશવાણી પર વાર્તાલાપોનું શ્રવણ કરાવવું.
- પર્યાવરણ-સંરક્ષણ, ગ્રામસફાઈ, વ્યસનમુક્તિ, કન્યાકેળવણી, દહેજમુક્તિ, વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવી.
- પ્રશ્નપેટી, ક્વિઝ, હવામાન-નોંધ, રાત્રિ આકાશદર્શન કરાવવું.
- તાપમાન, હવામાન, વરસાદનું પ્રમાણ, પવનની ગતિ-દિશા, ભેજનું પ્રમાણ, વપરાતાં યાંત્રિક સાધનો દ્વારા માપન કરતા શીખવવું.
- આ કામમાં આવતાં ઐતિહાસિક નાટકોનું સ્ક્રિપ્ટલેખન કરાવવું. તે નાટકોની રજૂઆત શાળામાં કરાવવી.
- અધ્યયનક્રમ પ્રમાણે પ્રોજેક્ટકાર્ય કરવું.
- પત્રમૈત્રી કેળવે-સમયરેખા તૈયાર કરે.
- નિબંધ સ્પર્ધા, વક્તૃત્વસ્પર્ધા, ચાર્ટ બનાવવાની સ્પર્ધા

**આચાર્ય અને શિક્ષકની ભૂમિકા**

સામાજિક વિજ્ઞાનમંડળના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, સિનિયર શિક્ષક હોવાના નાતે તેઓએ યોગ્ય માર્ગદર્શન આપવું અને યોગ્ય સંચાલન જરૂરી બને છે, જેથી મંડળની રચના પાછળના હેતુઓ માર્યા ન જાય.

આચાર્યે આર્થિક પ્રશ્નો, વ્યવસ્થાના પ્રશ્નો ઉકેલવામાં સહાયભૂત થવું જોઈએ. મંડળની પ્રવૃત્તિઓને યોગ્ય દિશા-વેગ, ઉત્સાહ આપવાનું કાર્ય આચાર્યનું છે.

વિજ્ઞાન અને ટેક્નોલોજીના ઝડપી વિકાસની સાથે-સાથે વિદ્યાર્થી-વિદ્યાર્થી, વિદ્યાર્થી-શિક્ષક, વિદ્યાર્થી-વાલી સાથેના પ્રત્યાયન માટેની તકોનો વિદ્યાર્થીઓને લાભ મળે તે અને તેના સંપૂર્ણ વ્યક્તિત્વની પૂર્તતા માટે શાળાકક્ષાએ સામાજિક મંડળ હોવું આવશ્યક છે.

# સ્પર્ધાત્મત પરીક્ષાની તૈયારી કેવી રીતે કરશો?

- પાડલિયા મૌલિકકુમાર કીર્તિભાઈ
રોલ નં. ૯૧, બી.એડ્. વર્ષ ૨૦૧૬-૧૮

મિત્રો, હું વિષયની શરૂઆત એક પંક્તિથી કરું છું.

કદમ અસ્થિર હોય, એને રસ્તો નથી જડતો, અડગ મનના મુસાફિરને હિમાલય પણ નથી નડતો

**વિચાર :** સફળ વ્યક્તિ પોતાના ચહેરા પર બે ચીજો અવશ્ય રાખે છે. શાંતિ અને સ્મિત. - ડૉ..પી. અબ્દુલ કલામ

- ૧૦ ટીપ્સ જેના દ્વારા તમે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી ખૂબ સારી રીતે કરી શકો.

૧. કોઈ એક બૂક નહિ, પણ બધા વિષયો તૈયાર કરો.

દા.ત. તલાટી માટેની બૂક બજારમાંથી તમે પરીક્ષા વખતે લઈ આવો છો, તેની સાથ સાથે...

**એક વર્ષ અગાઉ :**

ઇંગ્લિશ ગ્રામર, ગણિત, બંધારણ, ભૂગોળ • ઇતિહાસ, રિઝનિંગ, ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ આવા વિષયોની પણ તૈયારી કરતા રહો.

૨. **એક કલાક અભ્યાસ (કરવાની ટેવ પાડો)**

– તેના માટે ચોક્કસ સ્થળ, ચોક્કસ સમય નક્કી કરો.
– આ સમય દરમિયાન અન્ય બીજા કોઈ પણ કામ નહીં કરવા.
– માત્રને માત્ર અભ્યાસ બીજુ કંઈ જ નહીં.

જેના કારણે એક કલાક અભ્યાસ કરવાની ટેવ પડશે. જેથી એકાગ્ર શક્તિ, મન દૃઢ થશે જેથી તમારો અભ્યાસ ઝડપથી આગળ વધશે.

૩. **જરૂરી વસ્તુઓ લેવી.**

નોટબુક, બોલપેન, બુક, અન્ય સાહિત્ય, પાણી વગેરે - આવુ શા માટે જરૂરી?

આપણે વસ્તુ લેવા જઈએ અને બીજુ કામ આવ જાય તો આપણા અભ્યાસના કામની નિરંતરતા તૂટી જાય અને રુકાવટ આવી જાય આવુ ન થાય તે માટે...

– આ વસ્તુઓ સાથે જ લઈને બેસવી. જેના કારણે અભ્યાસની એકાગ્રતા તૂટી જાય છે.

૪. **એક કલાક દુનિયાથી અલગ થઈ જવું :**

– આ એક મહત્ત્વની બાબત ગણી શકાય.

તમારા સ્માર્ટ ફોનને તમારાથી દૂર રાખો અથવા તે સ્વીચ ઑફ મોડમાં રાખો. (ફ્લાઈટ મોડમાં રાખવો.)

– મનને મજબૂત રાખવા માટે તેને દૂર રાખવો.

(દા.ત. સાઈલેન્ટ મોડમાં રાખવામાં આવશે તો તેને વારંવાર જોવાનું મન થશે કે કોઈનો મિસ કોલ કે મેસેજ આવ્યો નથી ને.)

– ટેલિવિઝન વગેરે જેવા ઉપકરણોની પણ...
– Facebook, What's app વગેરે કારણે એક કલાક પૂરો થઈ જાય તેનો ખ્યાલ પણ આવતો નથી. અને મોટા ભાગના કલાકો આમા જ પસાર થઈ જાય છે.

**૫. પાણી પીવાનું રાખો**

– આ ચોક્કસ સમયગાળા દરમિયાન થોડા થોડા સમયે પાણી પીવાનું રાખો.
– માણસનું મગજ ૭૦ ટકા પાણીનું જ બનલો છે. એટલે કે મગજ ફ્રેશ (તાજુ) રાખવા માટે.
– આ માટે પાણી સાથે જ લઈને બેસવું. (પીવા માટે બહાર ન જવું)

**૬. અભ્યાસ બેસીને કરો.**

– ઘણાં વ્યક્તિઓ અભ્યાસ આરામ કરતાં કે સુતા-સુતા કરતાં હોય છે. જેના કારણે આપણું બ્લડ પ્રેસર ખૂબ ધીમુ થઈ જાય છે, શ્વાસની ગતિ પણ ધીમી થઈ જાય છે. જેના પરિણામે આપણામાં નિષ્ક્રિયતા આવે છે. આળસ અને ઊંઘ પણ આવી જતી હોય છે. જેથી અભ્યાસ બેસીને જ કરવો.

**૭. પ્રવૃત્તિશીલ અભ્યાસ**

– અભ્યાસમાં ફક્ત વાંચન જ નહીં. - સાથે સાથે મહત્ત્વના મુદ્દાઓનો અંડર લાઈન કરો.
– પેજ પૂરું થઈ થાય ત્યાર પછી આ મુદ્દાઓને એક નોટબુકમાં નોંધ કરતાં જાઓ. (ચાર્ટ પણ બનાવી શકાય.)

**૮. નાની ડાયરી બનાવો**

– મિત્રો, દિવસ દરમ્યાન જેટલું વાંચન કરો છો, અભ્યાસ કરો છો તેમાંથી જે મુદ્દાઓ, અંગત્યના લાગે તે નોટબુકમાંથી વધુ ટૂંકા સ્વરૂપમાં બનાવી એક ડાયરી બનાવો. જે તમારા ખિસ્સામાં રહી શકે તેવી હોવી જોઈએ. જે તમે મુદ્દાને યાદ કરવા માટે (પુનરાવર્તન) સરળતાથી જોઈ શકે.

**૯. મિત્રો સાથે ચર્ચા**

– મિત્રો આ મુદ્દો ખૂબ જ અગત્યનો છે.
– જેમાં તમે કરેલ અભ્યાસ અઠવાડિયા દરમિયાન કોઈ એક દિવસે તમારા મિત્રો સાથે ચર્ચા દ્વારા આદાન-પ્રદાન કરો.
– આ મિત્રો તમારી જેમ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં હોવા જોઈએ.
– તમારી મૌલિક ચર્ચા દ્વારા તમારો ખ્યાલ સ્પષ્ટ થશે અને તેવી જ રીતે તમારા મિત્રની વાત કે ચર્ચા દ્વારા પુસ્તકના વાંચન કરતા વધારે અસરકારક રીતે યાદ રહેશે.

**૧૦. રીવીઝન કરો (પુનરાવર્તન)**

– મિત્રો, જે પણ અભ્યાસ કર્યો છ તેનો એક અઠવાડિયા બાદ પુનરાવર્તન કરો, ત્યાર બાદ એક મહિના દરમિયાનના અભ્યાસનું પુનરાવર્તન કરો.
– જે તમે તૈયાર કરેલ નોટબુક અને નાની ડાયરી ઝડપથી રીવીઝન (પુનરાવર્તન) માટે ઉપયોગી સાબિત થશે.

**કયાં પુસ્તક**

સૌ પ્રથમ શું વાંચવું : જેમાં ગુજરાત સરકારના ધોરણ-૫ થી ૧૦ના પાઠ્યપુસ્તક. જેમાંથી અગત્યનું ધોરણ ૬થી ૧૦નો વિષય સામાજિક વિજ્ઞાન સૌથી અગત્યનો છે. વિજ્ઞાન માટે ધોરણ ૬થી ૧૦નું પાઠ્યપુસ્તક માટે ધોરણ ૬થી ૧૨ સુધીના પાઠ્ય પુસ્તકો વાંચવા (દા.ત. સામાન્ય વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન...)

**બધી પરીક્ષા માટે એક સરખા વિષયો :**

– સામાન્ય જ્ઞાન (સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક, ન્યુઝ પેપર, વર્તમાન પ્રવાહો)
– ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી વ્યાકરણ
– અંગ્રેજી વ્યાકરણ – ગણિત અને રીઝનિંગ (તર્ક શક્તિ)

# CTEના કાર્યક્રમો














# કોલેજના કાર્યક્રમો

shardul : 079-27541306